બ્રિજકોર્સ-કલાસ રેડીનેસ

# જ્ઞાનસેતુ

(વર્ષ 2021-22માં ધોરણ 10માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે)

## ધોરણ 10

# ગુજરાતી

## પ્રેરણા

**શ્રીમતી પી. ભારતી (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

## માર્ગદર્શન

**શ્રી પ્રકાશ ત્રિવેદી**
સચિવ, સમગ્ર શિક્ષા

**શ્રીમતી જયશ્રી દેવાંગન (GAS)**
એએસપીડી, સમગ્ર શિક્ષા

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક, જીસીઈઆરટી

## સંપાદન - સંકલન

**સૂચિતભાઈ પ્રજાપતિ**

**અનિલભાઈ ઉપાધ્યાય**
સમગ્ર શિક્ષા

**ધર્મેશ રામાનુજ**

## લેખન / પરામર્શન

**શ્રીમતી લીનાબેન ઉપાધ્યાય**

**શ્રી મિનેશકુમાર વાળંદ**

**શ્રી દાનેશ મોદી**

**ડૉ. રમેશ પીઠીયા**

**શ્રી રાકેશ રાવત**

**શ્રી તેજલ ઠાકર**

# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

## સમગ્ર શિક્ષા વેબસાઈટ : ssagujarat.org/StudyFromHome.html




**ગુજરાત સરકાર દ્વારા બાયસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ**

www.vande.gujarat.gov.in

**બાયસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાયસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે. DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.**

https://diksha.gov.in/

Gujarat e-Class Samagra Shiksha

Gujarat E Class

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

## બ્રિજકોર્સ-કલાસ રેડીનેસ

# જ્ઞાનસેતુ

## ધોરણ 10

## ગુજરાતી

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે,સૌ આગળ વધે
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
ગાંધીનગર

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો, વર્તમાન સમયમાં છેલ્લા એક વર્ષથી આપણે સૌ કોરોનાની મહામારી સાથે ઝઝૂમી રહ્યા છીએ. આ વિષમ પરિસ્થિતિમાં મોટેભાગે વિદ્યાર્થીઓને શાળામાં હાજર રાખી શકાયા નથી પરંતુ આપણે શિક્ષણકાર્ય બંધ રાખ્યું નથી. આપણે વર્ચ્યુઅલ રીતે આપણું શિક્ષણકાર્ય સાતત્યપૂર્ણ રીતે થાય એવા શુભાશયથી ધોરણ ૧ થી ૧૨ સુધીના સમગ્ર અભ્યાસક્રમને એપિસોડ (તાસ)માં વિભાજિત કરીને દૂરદર્શન કેન્દ્રની ડી.ડી. ગિરનાર ચેનલ તેમજ બાયસેગ મારફતે શિક્ષણ ઘરે-ઘરે પહોંચે તેવા પ્રામાણિક પ્રયત્નો કરવામાં આવ્યાં. સાથે-સાથે શિક્ષકમિત્રો દ્વારા સમયાંતરે સ્માર્ટ ફોન દ્વારા શિક્ષણ, ઘરે-ઘરે વાલી વિદ્યાર્થીઓનો સંપર્ક કરી ને પાઠ્યપુસ્તક વિતરણ, એકમ કસોટી, નિદાન કસોટી, શેરીશિક્ષણ તેમજ વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા પ્રત્યક્ષ શૈક્ષણિક માર્ગદર્શન આપવાના સાર્થક પ્રયાસો કરવામાં આવ્યા. ગુજરાત વર્ચ્યુઅલ શાળા (GUS) અંતર્ગત ઓન લાઈન ક્લાસ પણ ચલાવવામાં આવ્યા. હોમલર્નિંગ અંતર્ગત આ તમામ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગરની વેબસાઈટ, Diksha પ્લેટફોર્મ અને ગુજરાત ઈ ક્લાસ સમગ્ર શિક્ષા યુ-ટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ છે. તેનાથી આપ સૌ અવગત છો.

આ 'જ્ઞાનસેતુ' સાહિત્યમાં આપે ગત વર્ષ દરમિયાન પોતાના ધોરણનું શિક્ષણ હોમ લર્નિંગ અને અન્ય માધ્યમથી પ્રાપ્ત કર્યું છે. ત્યારે તેને બળવત્તર બનાવવાના હેતુથી આ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં આપવામાં આવેલ પ્રશ્નો, દાખલા અને ઉકેલ જેવી બાબતોનું લેખન કરવાનું છે. જ્યાં જરૂર જણાય ત્યાં પોતાની નોટબૂકમાં લખવાનું - ગણવાનું રહેશે. આગામી નવીન શૈક્ષણિક સત્ર જ્યારે શરૂ થાય ત્યારે આ 'જ્ઞાનસેતુ' સાહિત્ય અને તેને આધારે વિદ્યાર્થીઓએ કરેલ લેખનની નોટબૂક આપના શિક્ષકો દ્વારા ચકાસી જરૂરી ઉપચારાત્મક કાર્ય પણ કરાવવામાં આવશે.

આ 'જ્ઞાનસેતુ' સાહિત્ય વિદ્યાર્થીઓ માટે તેમને પ્રાપ્ત કરેલ જ્ઞાન અને શીખવાના જ્ઞાન વચ્ચે મહત્વના સેતુરૂપ બની રહેશે. એવી શ્રદ્ધા છે.

**પી. ભારતી (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

# 'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'ના ઉપયોગ સંદર્ભે...

હોમ લર્નિંગ દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થઓનું એક વર્ષ પૂર્ણ થાય છે. હવે જ્યારે વિદ્યાર્થી નવા શૈક્ષણિક વર્ષમાં આવે છે ત્યારે તેમના આગળના શૈક્ષણિક વર્ષના પ્રારંભે તેમને ગયા વર્ષના ધોરણના અભ્યાસક્રમનો બ્રીજકોર્સ થાય તે હેતુસર તેમજ આ વર્ષના અભ્યાસક્રમની સમજણ માટે આગલા ધોરણની જે-જે અધ્યયન નિષ્પત્તિની સમજની જરૂર પડે તે દરેક અધ્યયન નિષ્પત્તિની સમજ માટે આ **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકાનું નિર્માણ થયેલ છે.

આ **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકાનો અર્થસભર ઉપયોગ કરી શકાય તે માટેની અગત્યની બાબતો આ મુજબ છે :

- આ પુસ્તિકા ગત વર્ષની કક્ષાના અભ્યાસક્રમને ધ્યાને લઈ નિર્માણ થયેલ છે. એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન હોમ લર્નિંગ અંતર્ગત ઘરે રહીને પૂરા વર્ષ દરમ્યાન અભ્યાસ કરેલ ધોરણનો અભ્યાસક્રમ આગળના ધોરણમાં જતા પહેલાં બ્રીજકોર્સ તરીકે પૂર્ણ કરશે અને પછીજ આગળના નવા ધોરણનો અભ્યાસક્રમ ચાલુ કરશે.
- આ પુસ્તિકાનું વિષયવસ્તુ અધ્યયન નિષ્પત્તિ અને અભ્યાસક્રમની અગ્રિમ બાબતોને ધ્યાને લઈ નિર્માણ કરેલ હોવાથી પુસ્તિકાના વિષયવસ્તુના દરેક ઉદાહરણોનો પૂર્ણ મહાવરો વિદ્યાર્થી દ્વારા સમયમર્યાદામાં થાય તે જરૂરી છે.
- આપે આ પુસ્તિકાનો ઉપયોગ ગત વર્ષના પાઠ્યપુસ્તક સાથે રાખી કરવાનો છે. આ પુસ્તિકાનો કઈ રીતે ઉપયોગ કરવો તે અંગે આપના શિક્ષક દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માર્ગદર્શન આપવામાં આવશે.
- આ પુસ્તિકાના વિષયવસ્તુ આધારિત સમજ નિર્માણ કરવામાં સહાયક વિડીઓ સામગ્રી પણ નિર્માણ થયેલ છે જેથી તેનું પ્રસારણ ટીવી, મોબાઈલ અને અન્ય ડીજીટલ માધ્યમો દ્વારા પ્રસારિત થનાર છે. તારીખવાર ચોક્કસ સમયપત્રક પ્રમાણે વિદ્યાર્થીઓ પ્રસારણ ધ્યાનથી નિહાળે તે જરૂરી છે.
- એપિસોડનાં પ્રસારણ દરમ્યાન **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકામાંથી શક્ય હોય તેટલા દ્રષ્ટાંતની સમજ આપવાનો પ્રયાસ તજજ્ઞ દ્વારા થશે પરંતુ પુસ્તિકાના અન્ય બાકી રહેતા ઉદાહરણોનો મહાવરો વિદ્યાર્થીએ જાતે વાલી / મોટા ભાઈબહેન / શિક્ષકની મદદથી કરવાનો રહેશે.

**(પ્રકાશ કે. ત્રિવેદી)**
સચિવ, સમગ્ર શિક્ષા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | અર્થગ્રહણ | 1 |
| 2. | અભિવ્યક્તિ અને પ્રત્યાયન | 11 |
| 3. | સર્જનાત્મકતા | 21 |
| 4. | તાર્કિક ચિંતન | 35 |
| 5. | ભાષાસજ્જતા / વ્યાવહારિક ઉપયોજન | 44 |
| 6. | ભાષા રમતો | 101 |
| 7. | ચાલો, ચકાસીએ... | 105 |

# 1. અર્થગ્રહણ

શ્રવણ અને વાંચનથી અર્થગ્રહણ થાય છે. ત્યારે વિદ્યાર્થીઓએ શીખેલી બાબત થકી કરેલા અર્થગ્રહણને ચકાસવા માટેનો અહીં આશય છે જેમાં વિવિધ અર્થગ્રહણને લગતી પ્રવૃત્તિઓ આપવામાં આવે છે જેમાં એક ફકરો, સંવાદ, જાહેરાત કે વિઝિટિંગ કાર્ડની મદદથી અર્થગ્રહણ ચકાસવાનો હેતુ રહેલો છે. અહીં વિદ્યાર્થીઓ આપેલ પ્રવૃત્તિઓને કેટલું સમજ્યા એ પણ જાણી શકશે અને એના આધારે આપણે વિષયવસ્તુના મુદ્દાને પણ શીખવવામાં પણ ઉપકારક નીવડશે.

**પ્રશ્ન : 1 ફકરાને આધારે પ્રશ્નોનાં જવાબ આપો.**

જીવવાના ત્રણ પ્રકાર છે. બીજાને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે. આને જ જીવન કલહ કહેવાય છે. આ પ્રકારથી જીવન ટકે છે પણ એમાં જીવન સાફલ્ય નથી. બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે. એકબીજાના સહકારથી જીવનનો વિકાસ થાય છે. પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી. સ્વાર્પણ માટે જીવવું એ ત્રીજો પ્રકાર છે. સ્વાર્પણ માટે જે જીવન લાધે છે તે કંઈક જુદું જ હોય છે.

**પ્રશ્નો :**

(1) કયો પ્રકાર સાર્વત્રિક છે ?

______________________________

______________________________

(2) સર્વત્ર એટલે શું ? એક ઉદાહરણ આપો.

______________________________

______________________________

(3) પરસ્પરનો સહકાર એ જીવનનો વિકાસ છે. તમારા માટે સાચું છે કે ખોટું ? કેમ ?

______________________________

______________________________

(4) સ્વાર્પણ માટે જીવવું એટલે શું ? અથવા સ્વાર્પણ માટેનું જીવન જુદું કઈ રીતે હોય છે ?

______________________________

______________________________

**પ્રશ્ન : 2 આપેલ કાવ્યને આધારે પ્રશ્નોના જવાબ આપો.**

મારી ફળીનાં ઝાડવાં બે હતાં કરતાં એક દિ' વાતો
એક કહે : હદ થાય હવે, નહીં ભાંડુ - વિજોગ ખમાતો
ચાલને અહીંથી ચાલતાં થાયે,
આઘાં આઘાં વનમાં જાયે.

બીજું કહે : એમાં જીવનું જોખમ, નિત આવે કઠિયારા
આવી ઓચિંતાના ચલવે આપણા પર કુઠારના મારા
જો કે મરવું કોઈ ન ટાળે
તોય મરવું શીદ અકાળે ?

**પ્રશ્નો :**

(1) બંને ઝાડવાં વચ્ચે શું વાત થઈ રહી છે ?

_______________

_______________

(2) આઘા - આઘા વનમાં જાયે રેખાંકિત શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે.

(અ) કાનન (બ) વાદળ (ક) ઘર (ડી) સીમ [ ]

(3) જો કે મરવું કોઈ ન ટાળે, તોય મરવું શીદ અકાળે આ પંક્તિને સમજાવો.

_______________

_______________

**પ્રશ્ન : 3 આપેલ વિઝિટીંગ કાર્ડને આધારે પ્રશ્નોના જવાબ આપો.**

**અફલાતૂન મોટર ગેરેજ** પ્રો. આશિષ અમદાવાદી

પેટ્રોલ, સી.એન.જી. ડીઝલ ગાડીઓનું કામ સંતોષપૂર્વક કરવાનું એક વિશ્વાસપાત્ર સ્થળ

**ઓફર : 5 સર્વિસ કરાવનારને એક સર્વિસ ફ્રી આપવામાં આવશે.**

**સર્વિસ ચાર્જ - 600 રૂપિયા (ડિજિટલ પેમેન્ટ પણ લેવામાં આવશે)**

રહેઠાણનું સરનામું
મોટી પોળ,
મોડાસા રોડ - કપડવંજ

**નોંધ :** દર શનિવારે રજા રહેશે.

**પ્રશ્નો :**

(1) અફલાતૂન મોટર ગેરેજ આ વર્ષમાં જૂન મહિનામાં કેટલા દિવસ બંધ રહેશે.

_______________

(2) ડિજિટલ પેમેન્ટ એટલે શું ?

_______________

(3) અફલાતૂન મોટર ગેરેજ રોજની નવ ગાડીની સર્વિસ કરે તો તે કેટલા રૂપિયા કમાય ?

_______________

(4) એક સર્વિસ ફ્રી કરાવવા અગાઉ કેટલી વખત ગાડી સર્વીસ કરાવવી પડે ?

_______________

(5) તમારી ગાડીની સર્વિસ કરાવવા તમારે ક્યાં જવું પડશે ?

_______________

✍ **પ્રશ્ન : 4 માગ્યા મુજબ જવાબ આપો.**

(1) સાંજ સમે શામળિયો કાવ્યનો ભાવ તમારા શબ્દોમાં લખો.

(2) તમારા મિત્રના ગુણોનું વર્ણન કરો.

(3) કૃષ્ણ-સુદામાના વિદ્યાર્થી જીવન વિશે તમારા વિચારો લખો.

(4) ગોપાળબાપા તમને ગમ્યા ? શા માટે ?

(5) 'અડગ આત્મબળ - આ 'રસ્તો કરી જવાના' ગઝલનું કેન્દ્રબિંદુ છે.' તમારા શબ્દોમાં સમજાવો.

**✍ પ્રશ્ન : 5 કાવ્યપંક્તિ સમજાવો.**

(1) 'અય કાળ, કંઈ નથી ભય તું થાય તે કરી લે !
ઈશ્વર સમો ઘણી છે થોડા મરી જવાના.'

(2) 'નાનું સરખું સત્કાર્ય ઉત્તમ પ્રાપ્તિ કરાવી શકે છે' - 'કુદરતી' એકાંકીના આધારે સમજાવો.

(3) 'માની ગોદથી વિશેષ મૂલ્યવાન બીજું કશું નથી' - કવિતાના આધારે સમજાવો.

(4) સૂર, તાલ ને સંગીત મળશે,

ટહુકો માનો ક્યાં ?

(5) વાડીની દુનિયા કેવી ભરી-ભરી અને વૈવિધ્યપૂર્ણ હોય છે - પાઠના આધારે લખો.

(6) વાડીમાં બાળકોની નજરમાં શું શું આવી જાય છે ?

**✍ પ્રશ્ન-6 નીચેનો ભાવાર્થ દર્શાવતી કાવ્યપંક્તિઓ લખો.**

(1) સપનામાં આવેલા હરિએ ગોપી તરફ ખૂબ પ્રેમ વ્યક્ત કર્યો.

(2) ધીમું ધીમું હસતા કૃષ્ણ ઊભા છે.

(3) ગોપીના મનના માલિક કૃષ્ણએ તેનાં આંસુ લૂછ્યાં.

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-7 એકમ 'પંગુમ્ લંઘયતે ગિરિમ્' ના ઘટનાક્રમ મુજબ જરૂરી વાક્યો ઉમેરો.**

(1) અરુણિમા પદ્માવત એક્સપ્રેસમાં લખનૌથી દિલ્લી જઈ રહી હતી.

(2) ______________________________________________

(3) ______________________________________________

(4) તેણે હૉસ્પિટલની પથારીમાં જ નક્કી કર્યું કે હું પર્વતારોહણ કરીશ.

(5) ______________________________________________

(6) ______________________________________________

(7) એવરેસ્ટ ઉપર અરુણિમાએ રાષ્ટ્રધ્વજ સાથે ફોટા પડાવ્યા.

**પ્રશ્ન-8 માગ્યા મુજબ જવાબ આપો.**

પપ્પા, હવે ફોન મૂકું ? કાવ્યની શરૂઆત અને અંતમાં એક જ પ્રકારની પંક્તિ જોવા મળે છે. આમ કેમ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-9 'સમાજ સમર્પિત શ્રેષ્ઠી' એકમમાં નાનજીભાઈ મહેતાને લગતા કેટલાક ગુણો આપ્યા છે. તે ગુણ દર્શાવતું એક એક વાક્ય લખો.**

(1) પુરુષાર્થ

______________________________________________

______________________________________________

(2) સાહસિક

______________________________________________

______________________________________________

(3) વિદ્યાપ્રીતિ

(4) ઈશ્વરશ્રદ્ધા

(5) સાદગી

✍ તમને ગમતું કોઈ એક લગ્નગીત લખો.

✍ **પ્રશ્ન-10 નીચેના ફકરાને આધારે પ્રશ્નોના જવાબ આપો.**

બીજા દિવસનું મોં સૂઝણું થયું ત્યારે છાશ-રોટલો, શિરાવીને, માથે કોસ મેલી, વરત, વરતડી, પૈ અને ઢાંઢા સોતો સોંડો વાડીએ જાવા નીકળે છે. બરાબર એ જ ટાણે બે હથિયારબંધ. ઘોડેસવાર આવીને ઊભા રહ્યા અને પૂછ્યું : ‘‘સોંડો માળી કોનું નામ ?’’

‘‘મારું નામ સોંડો. કહીને ધડકતે હૈયે સોંડો થાંભ્યો’’

‘‘તમને ભાવનગર તેડાવ્યા છે.’’

‘‘કોણે, બાપા ?’’

‘‘ઠાકોર વજેસંગજીએ પંડે.’’

પ્રશ્નો :

(1) આવતીકાલ <u>વહેલી સવારે</u> ભરપેટ નાસ્તો કરીને જ નીકળું. રેખાંકિત શબ્દનો સમાન શબ્દ ફકરામાંથી શોધીને લખો.

(2) 'તમને ભાવનગર તેડાવ્યા છે.' 'તમને' એટલે કોને ?

(3) સોંડો માળી મારું નામ છે એવું કોણે કોને કહ્યું ?

**પ્રશ્ન-11 નીચેના દુહાને સમજાવો.**

તન ખોટાં, હૈયા ફૂટલ, ધરવ ન કશીયે વાત,

એ કળજગની જાત, શાણા સમજે સાનમાં

**પ્રશ્ન-12 'પ્રેરક પ્રસંગો' એકમમાંથી કોઈપણ બે પ્રસંગોને આધારે વિચારીને જવાબ આપવા પડે તેવા 05 પ્રશ્નો બનાવો અને એના ઉત્તર લખો.**

(1)

ઉત્તર

(2)

ઉત્તર

(3)

ઉત્તર

(4)

ઉત્તર

(5)

ઉત્તર

(6)

ઉત્તર

(7)

ઉત્તર

(8)

ઉત્તર

(9) ____________________

ઉત્તર ____________________

____________________

____________________

(10) ____________________

ઉત્તર ____________________

____________________

____________________

**✍ પ્રશ્ન-13 તમે સાંભળેલ / વાંચેલ કોઈ એક પ્રેરક પ્રસંગ લખો.**

# 2. અભિવ્યક્તિ અને પ્રત્યાયન

✍ તમે જોયેલા બજારનું વર્ણન કરો.

✍ કોવિડ-19ની મહામારીમાં તેનાથી બચવા ઘરગથ્થું શું ઉપચાર કરી શકાય ? લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

- તમે બેંકની મુલાકાતે ગયા હોય અને બેંકની કેટલીક માહિતી મેળવવાની હોય તો તમે કેવા પ્રશ્નો બેંક અધિકારી ને પૂછશો તેવા પ્રશ્નો બનાવો.

**ઉદાહરણ :**

(1) મારે બેંકમાં ખાતુ ખોલાવવું હોય તો શેની જરૂર પડશે અને શું કરવાનું ?

(2) પાસબુકની શી જરૂર પડે ?

(3) મારે બેંકમાં વધારે પૈસા ડિપોઝીટ કરવા હોય તો શું કરવાનું ?

(4) જુદા-જુદા ચેક વિશે માહિતી આપો ?

(5) નવું ATM કાર્ડ કઢાવવું હોય તો શું કરવાનું ?

✍ **પ્રશ્નો :**

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

(4) ______________________________

(5) ______________________________

✍ તમારી નજીક રહેતા ડૉક્ટર કોવિડ-19 ની હોસ્પિટલમાં કામ કરે છે, તમારે તેમની પાસેથી માહિતી લેવાની એટલે કે તેમનો ઇન્ટરવ્યૂ લેવાનો હોય તો તમે કેવા પ્રશ્નો પૂછશો.

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

(4) ______________________________

(5) ______________________________

- આપેલ વૃક્ષ અને પક્ષીના સંવાદના ઉદાહરણ મુજબ અન્ય સંવાદ પૂર્ણ કરો.
- વૃક્ષ અને પક્ષી વચ્ચેનો સંવાદ.

વૃક્ષ - પક્ષી તું મારા પર બેઠો, તો મને આનંદ થયો.

પક્ષી - આનંદ તો મને થયો. મને તારી છત્રછાયા મળી.

વૃક્ષ - રાત્રે તું જ્યારે અહીં આરામ કરે છે. ત્યારે મને ખૂબ ખુશી થાય છે.

પક્ષી - મને તો તારો ધીમો - ધીમો પવન ખૂબજ ગમે છે.

વૃક્ષ - તને મારા પર બેસવામાં કોઈ મુશ્કેલી તો નથી પડતી ને ?

પક્ષી - ના, મને તો ખૂબ મજા આવે છે, આનંદ થાય છે.

- **તમારી શાળામાંથી થયેલ શૈક્ષણિક પ્રવાસમાંથી પરત ઘરે આવ્યા બાદ તમારા વાલી અને તમારા વચ્ચે થતો સંવાદ લખો.**

વાલી : પ્રવાસમાં મજા આવી ?

વિદ્યાર્થી : અરે ! હા... હા... ખૂબ મજા આવી.

વાલી : ____________________

વિદ્યાર્થી : ____________________

વાલી : ____________________

વિદ્યાર્થી : ____________________

વાલી : ____________________

વિદ્યાર્થી : ____________________

વાલી : ____________________

વિદ્યાર્થી : ____________________

વાલી : ____________________

વિદ્યાર્થી : ____________________

(૨) તમારી શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવાનો છે, તો તમારા અને તમારા શિક્ષક વચ્ચેનો સંવાદ બનાવો.

શિક્ષક : ____________________

વિદ્યાર્થી : ____________________

શિક્ષક : ____________________

વિદ્યાર્થી : ____________________

શિક્ષક : ____________________

વિદ્યાર્થી : ____________________

શિક્ષક : ____________________

વિદ્યાર્થી : ____________________

- **આપેલ મુદ્દા પરથી વાર્તા બનાવો અને લખો.**

જંગલમાં ઈન્દ્રનું આગમન - પ્રકૃતિદર્શનથી ખુશ થવું - સૂકા ઝાડ પર પોપટનું બેસવું - ઈન્દ્રનો પોપટને પ્રશ્ન કરવો - પોપટનો જવાબ - સારા દિવસોમાં સાથ હતો તે ખરાબ સમયમાં સાથ કેવી રીતે છોડું - ઈન્દ્રનું પ્રભાવિત થવું - વરદાન - બોધ.

____________________

____________________

✍ **વાર્તા પૂર્ણ કરો.**

તમારી પાસે દડો છે. જે એક દિવસ માટે તમારા પિતાજીના સ્કૂટરમાં જતો રહ્યો તો એ દિવસે દડો ક્યાં ક્યાં ગયો હશે અને તેની સાથે શું થયું હશે ? તે લખો.

✍ અમરતકાકી અને મંગુના અનન્ય પ્રેમભાવ વિશે તમારા વિચારો લખો.

✍ શ્રમ (મહેનત)ના ફાયદા વિશે લખો.

✍ તમારા બાળપણનો યાદગાર પ્રસંગ લખો.

✍ 'રસ્તો કરી જવાના' ગઝલને આધારે એનો ભાવ તમારા શબ્દોમાં લખો.

✍ માનવતાભર્યા સત્કાર્યોની નાની યાદી તૈયાર કરો.

✍ આપણા જીવનમાં ક્યારે અધૂરપ અનુભવાય ?

✍ ખેડૂત, ખેતર અને ખેતી કેવી રીતે એકબીજા સાથે સંકળાયેલાં છે. આ પાઠના આધારે સમજાવો.

✍ કૃષ્ણભક્તિ / કૃષ્ણપ્રેમ દર્શાવતા ગીતનું લેખન કરો.

✍ તમે પોતે અરુણિમા હો - એ રીતે તમારા શબ્દોમાં આત્મવિશ્વાસનો સંદેશ આપો.

તમે અભ્યાસ અર્થે છાત્રાલયમાં રહેતા હો તો મોબાઈલ ફોન પર પપ્પા સાથે કયા કયા મુદ્દા પર વાતચીત કરશો ?

**નીચેની કાવ્યપંક્તિઓ પૂર્ણ કરો.**

(1) સામે મરકત ______

______

______ લૂછ્યાં જરી.

(2) ફાગણના ______

______

______ છો માંજતી,

'તેજમલ' લોકગીતને આધારે દાદા રુવે છે ત્યારે દીકરીઓ કેવી રીતે હિંમત આપે છે ?

✍ નમકહલાલ એટલે શું ?

✍ સોંડાએ કરેલ મહેમાનગતિનું વર્ણન પાઠના આધારે લખો.

✍ તમારા ઘરે મહેમાન આવે તો તમે શું શું તૈયારી કરો છો ?

✍ તમારા વિસ્તારમાં ગવાતા દુહા લખી તેને સમજાવો.

(૧) ______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(૨) ______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

# 3. સર્જનાત્મકતા

✍ નીચે આપેલ ચિત્ર જોઈ દસ વાક્ય લખો.



(1) ____________________

(2) ____________________

(3) ____________________

(4) ____________________

(5) ____________________

(6) ____________________

(7) ____________________

(8) ____________________

(9) ____________________

(10) ____________________

નીચેનું ચિત્ર જોઈ તે ચિત્ર માટે શબ્દ લખો અને તે શબ્દનો ઉપયોગ કરી કહેવત લખો.

ઉદાહરણ :



મોર - મોરના ઈંડાં ચીતરવાં ન પડે

(1) 

______________________

(2) 

______________________

(3) 

______________________

(4) 

______________________

- **પત્રલેખનનો નમૂનો :**

તમારી તબિયત સારી નથી તે અંગેની જાણ કરતો પત્ર તમારા વર્ગશિક્ષકને લખો.

મિતાંશ વાળંદ
અયોધ્યાનગર,
રાજમહેલ રોડ,
અમદાવાદ.

તા. ૦૯/૦૮/૨૦૨૦

પૂજ્ય ગુરુજી,

નમસ્કાર.

હું સમર્પણ વિદ્યાલયમાં ધોરણ 9-અ ના વર્ગમાં અભ્યાસ કરું છું. મારો હાજરી નંબર ૩૬ છે. વિશેષમાં જણાવવાનું કે ગત અઠવાડિયે શહેરમાં પુષ્કળ વરસાદ વરસ્યો હતો. ને તેમાં મને સતત ભીંજાતા રહેવાથી શરદી અને ઠંડી સાથે તાવ આવવાની શરૂઆત થઈ હતી. પરંતુ ગઈકાલથી વધુ તકલીફ થવાથી ડૉકટર પાસે તપાસ કરાવી તો મેલેરિયાની અસર છે અને આરામ નહિ કરવામાં આવે તો ટાઈફૉઈડ થવાની પણ શક્યતા રહેલી છે. તેથી ડૉક્ટરે સૂચન કરતાં દસ દિવસ આરામ કરવાનું કહ્યું છે.

મને અફસોસ છે કે હું દસ દિવસ શાળામાં અભ્યાસ કરી શકીશ નહિ. આપશ્રીને નમ્ર વિનંતી છે કે મને દસ દિવસની રજા આપશો. હું ખાતરી આપું છું કે આ દસ દિવસ દરમિયાન હું ઘરે નિયમિત વાંચન કરીશ સાથે સાથે શાળાનું ગૃહકાર્ય પણ કરતો રહીશ. દસ દિવસ બાદ શાળામાં મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરી હાજર થઈશ અને મારું ગૃહકાર્ય પણ બતાવી દઈશ.

આપશ્રીને નમ્ર વિનંતી કે મારી દસ દિવસની રજા મંજૂર કરશોજી.

આપનો આજ્ઞાંકિત,
વિદ્યાર્થી
મિતાંશ

**તમારે તમારા મામાના લગ્નમાં જવાનું હોવાથી પાંચ દિવસની રજા માટે તમારા વર્ગશિક્ષકને પત્ર લખો.**

______________________
______________________
______________________
______________________

______________________
______________________

વિદ્યાર્થી મિત્રો પત્ર લખવો એક કળા છે પત્રલેખનની કળા ટૅકનોલોજીની સાથેસાથે પણ જળવાઈ રહે એ અનિવાર્ય છે. પત્રના વિવિધ પ્રકાર છે. જેવા કે,

- મિત્રો સ્વજનોને લખાતા પત્રો - 'અંગત પત્રો'
- ધંધા કે વેપારને અર્થે લખાતા પત્રો - 'ધંધાદારી પત્રો'
- નોકરી કે સરકારી કામ માટે લખાતા પત્રો - 'અરજી'

◆ **અહેવાલ લેખન :**

- પ્રવૃત્તિ કે ઘટનાની હેતુલક્ષી અભિવ્યક્તિ એટલે અહેવાલ.
- અહેવાલમાં પ્રસંગ, પ્રકૃતિ કે પરિસ્થિતિનું સચોટ વર્ણન.
- અહેવાલમાં ચોક્કસ ઘટનાની વાત હોવાથી તારીખ, વાર, સમય ચોક્કસ મળી રહે છે.
- અહેવાલમાં પોતાના ગમા - અણગમાને સ્થાન નથી.
- અહેવાલમાં બિનજરૂરી લંબાણ ટાળવું. મતલબ લાઘવ કળા જરૂરી છે.

વિદ્યાર્થી મિત્રો શાળામાં યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ, ઉત્સવોની ઉજવણી, જાહેર સમસ્યાઓ, સમાજ હિતકારક ઘટનાઓ અંગે અહેવાલ તૈયાર કરી શકાય. જેમ કે

- ઉદાહરણ :

**તમારી શાળામાં વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી તેનો અહેવાલ સો શબ્દોમાં તૈયાર કરો.**

તા. 20/07/2020

### શાંતિનિકેતન હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ સપ્તાહની ભવ્ય ઉજવણી

શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થાશ્રી શાંતિનિકેતન હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ સપ્તાહની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વનાધિકારી શ્રી કે. પી. પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. શાળાના આચાર્યશ્રીએ તેમનું શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું.

અમે પૂર્વ તૈયારી રૂપે શાળાના વિશાળ પટાંગણમાં આશરે 50 ખાડા સરખા અંતરે ખોદીને રાખ્યા હતા. મુખ્ય મહેમાનશ્રીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. તેમણે જીવનમાં વૃક્ષોનું મહત્ત્વ - ઉપયોગિતા વિષે પ્રેરક પ્રવચન આપ્યું હતું. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થીઓએ શાળાના મેદાનમાં, સરકારી હૉસ્પિટલના પ્રાંગણમાં આશરે 150 જેટલા રોપાઓ વાવ્યા હતા અને તેનું જતન કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. લોકોમાં વૃક્ષો પ્રત્યે જાગૃતિ આવે તેના માટે વિદ્યાર્થીઓ દ્વારા સાઈકલ રેલી યોજવામાં આવી હતી. જેને કેળવણી મંડળના પ્રમુખે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. સમગ્ર શહેરમાં "વૃક્ષો - વાવો, વરસાદ લાવો", "વૃક્ષમાં રણછોડ", "વૃક્ષનું જતન - આબાદ વતન" જેવા સૂત્રોચ્ચાર કરતી સાઈકલ રેલીનું કવરેજ સમય વર્લ્ડ ન્યુઝ ચેનલે કર્યું હતું.

આ સપ્તાહ નિમિત્તે શાળામાં પોસ્ટર સ્પર્ધા, વકતૃત્વ, નિબંધ, ચિત્ર, વૃક્ષ પર સૂત્ર હરિફાઈ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. તદ્‌પરાંત નરેશ્વર મહાદેવના સાનિધ્યમાં વનભોજનનો કાર્યક્રમ પણ આનંદનો અવસર બની ગયો હતો. વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ખરેખર, વૃક્ષારોપણ સપ્તાહ અમારા જીવન માટે કાયમી સંભારણું બની ગયું હતું.

**(1) તમારા ગામ કે સોસાયટીમાં કોવીડ-19 માટે થયેલ રચનાત્મક કાર્યક્રમનો અહેવાલ તમારા વર્ગશિક્ષકને લખો.**

**(2) તમારી શાળામાં યોજાયેલ કોઈ એક કાર્યક્રમનો અહેવાલ લખો.**

(3) તમારી શાળાના પચાસ વર્ષ પૂર્ણ થતાં યોજાયેલ કાર્યક્રમની અખબારી નોંધ તૈયાર કરો.

(4) તમારા ગામની ગંદકીના નિકાલ માટે સરપંચશ્રીને અરજી લખો.

,

વિષય :

✍ તમને ગમતાં કોઈપણ બે ટુચકાંઓ લખો.

✍ કીડીઓના પરિવારની લેખકે કેમ ચિંતા કરી હશે ?

✍ ધોરણ - ૯ ગુજરાતી પાઠ્યપુસ્તકના પાના નં. ૩૬ પરનું કાવ્ય 'ગુર્જરીના ગૃહકુંજે'ને આધારે તેનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

✍ માનો કે તમે શાળામાંથી શૈક્ષણિક પ્રવાસે ગયા છો અને તમારા ગ્રૂપમાંથી તમે છૂટા પડી જાવ છો. તો તમે તમારા ગ્રૂપમાં પુનઃ જોડાવા કેવા કેવા પ્રયત્નો કરશો ટૂંકમાં લખો.

✍ સાચો મિત્ર તમે કોને ગણો છો ? દસેક વાક્યોમાં લખો.

✍ નાટક ભજવવાનું હોય તો તમે કયું પાત્ર બનશો તેના સંવાદો લખો.

✍ તમારા પરિવારમાંથી તમને ગમતાં કોઈ એક સભ્ય વિશે 15 - 20 વાક્યમાં નિબંધ લખો.

✍ કવિશ્રી બોટાદકરનું કાવ્ય 'જનનીની જોડ સખી નહીં જડે રે' - મેળવીને ગોદ માતની ક્યાં ? કાવ્ય સાથે તેની તુલના કરી મા વિશે દસેક વાક્યો લખો.

✍ મા વિશેની ઉક્તિઓ, પંક્તિઓ અને અવતરણો શોધીને લખો.

✍ તમને ગમતા કેટલાક પક્ષીઓના ચિત્રો મેળવી તમારી નોટબુકમાં ચોંટાડી તેનું મૌખિક વર્ણન કરો.

✍ "મેં માણેલું એક સ્વપ્ન" વિશે દસ-બાર વાક્યોમાં લેખન કરો.

✍ 'હિંમતે મર્દા તો મદદે ખુદા' કહેવતને તમારા શબ્દોમાં સમજાવો.

✍ હાઈકુ સાહિત્યપ્રકાર વિશે તમારા શિક્ષક પાસેથી જાણો અને એક હાઈકુ લખો.

✍ નાનજીભાઈ મહેતા વિશે એકમના આધારે પાત્રલેખન કરો.

✍ 'તેજમલ' લોકગીતને નાટક સ્વરૂપ લખવાનું હોય તો તમે કેવા સંવાદો લખો. તે સંવાદો લખો.

✍ "પરોણાનું પેટ કર્યું," આ વિધાનને સવિસ્તાર સમજાવો.

✍ કોઈપણ બે હાઈકુની રચના કરો.

(1)

(2)

# 4. તાર્કિક ચિંતન

આપણે ભાષાની મદદથી કલ્પનાશક્તિ અને તર્કશક્તિનો ઉપયોગ કરતાં હોઈએ છીએ. ત્યારે આ તર્કશક્તિ અને કલ્પનાશક્તિના વિનિયોગે સર્જનાત્મકતા જન્મે છે. અહીં આપવામાં આવેલા પ્રશ્નો તર્કબદ્ધ રીતે આપવાનો પ્રયત્ન થાય એ અપેક્ષિત છે.

**પ્રશ્ન : 1 નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

(1) તમને ખૂબજ ઉતાવળ હોય અને બસ ચૂકી જવાય તો ? તમે શું કરો ?

(2) તમને દુકાનદારે તમારે લેવાના છે એના કરતાં વધુ પૈસા પરત કર્યા તો તમે શું કરશો ? કેમ ?

(3) તમને સૌથી ગમતી વસ્તુ કઈ છે ? એ વસ્તુ તમને કેમ વધુ ગમે છે ?

(4) તમને મુખ્યમંત્રી બનવાની તક મળે તો ?

✎ પ્રશ્ન : 2  નીચેના ચિત્રનું વર્ણન કરો.



✍ **પ્રશ્ન : 3 ઉદાહરણ પ્રમાણે વાક્ય બનાવો.**

**ઊહરણ :** હું અંધ વ્યક્તિને **રસ્તો પસાર કરવામાં મદદ કરું છું.**

(1) વેકેશનમાં હું ____________________

____________________

(2) ઉનાળાના ધોમધખતા તાપમાં ____________________

____________________

(3) નવરાત્રીમાં તો હું ____________________

____________________

(4) કોઈ ગરીબ વ્યક્તિને ઠંડીમાં ધ્રૂજતા જોઈ હું ____________________

____________________

(5) રવિવારે તો હું ____________________

____________________

✍ **પ્રશ્ન : 4 આપેલ બંને ચિત્રોમાંથી તફાવત શોધો અને નીચે નોંધ કરો.**



**તફાવત**

| **ચિત્ર-૧** | **ચિત્ર-૨** |
| --- | --- |
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |

✍ **પ્રશ્ન : 1 નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(1) 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' એકમમાં આપેલ ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ કઈ કઈ છે ?

(2) તમને ભારતીય સંસ્કૃતિની કઈ વિશિષ્ટતા ગમે છે ? કેમ ?

(3) પ્રાચીન સમયના કોઈ ઋષિ આજે આવે તો શું કહેશે ?

✍ **પ્રશ્ન : 2 વિચારીને લખો.**

(1) મરજીવિયા કોને કહેવાય ? મરજીવિયાના ઉત્સાહ માટે તમે શું કહેશો ?

(2) મરજીવિયા કાવ્યને આધારે તમે કરેલા સંકલ્પો વર્ણવો.

✍ **પ્રશ્ન : 3 લખો.**

(1) તમે એક નદી હો તો ?

(2) નદીને એક પત્ર લખો.

(3) તમે નદી હો તો તમે બધાને કેવી કેવી રીતે ઉપયોગી થાઓ ?

(4) માર્કંડી નદી સાથે લેખકનો સખી ભાવ વર્ણવો.

✍ અવિરામ દીપકના ઉદાહરણ દ્વારા કવિ શું કહેવા માગે છે ?

✍ 'સાચો ધર્મ - માનવ ધર્મ' વિશે પંદર વાક્યો લખો.

✍ તમને મુશ્કેલીના સમયે પરિવારમાંથી કોણ કેવી કેવી મદદ કરે છે તેના વિશે દસેક વાક્ય લખો.

✍ 'વાડીની લીલી દુનિયા વચ્ચે કેટકટેલાં જગત હોય છે !' આ વાક્ય પાઠના આધારે સમજાવો.

✍ તમને રાત્રે સ્વપ્નમાં ભગવાનનો સાક્ષાત્કાર થાય અને વરદાન માગવા કહે તો શું વરદાન માગો ? કેમ ?

✍ તમારા પડોશીને કોરોનાનો પોઝિટિવ રીપોર્ટ આવેલ છે. એક જાગૃત પડોશી તરીકે તમે શું મદદ કરશો ? કેવી રીતે ?

✍ **નીચેના મુદ્દા પર તમારા વિચારો વર્ણવો.**

(1) સ્વચ્છતા

(2) કન્યા કેળવણી

(3) નિરક્ષરતા

✍ તેજમલને ઓળખવા સાથીઓએ જે પરીક્ષાઓ કરી પરંતુ તેજમલની જગ્યાએ તમે હોઉં તો કઈ કઈ યુક્તિ કરો ?

✍ 'બોળો' એકમમાંથી તમને કયું પાત્ર વધુ ગમ્યું ? શા માટે ?

# 5. ભાષાસજ્જતા (વ્યાવહારિક ઉપયોજન)

## ધ્વનિશ્રેણી

ભાષાનો નાનામાં નાનો એકમ ધ્વનિ છે. ભાષાના આવા ધ્વનિઓને સ્વર, વ્યંજન કહે છે. ગુજરાતી ભાષાના મૂળાક્ષરો સ્વર અને વ્યંજન એમ બે ભાગમાં વહેંચાયેલા છે.

**સ્વર એટલે :**

જે અક્ષર સ્વતંત્ર રીતે ઉચ્ચારી શકાય તે.

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઓ .....

**વ્યંજન એટલે :**

વિ + અંજન = વ્યંજન  વિ = વિશેષ અંજન = મેળવણી.

જેનો ઉચ્ચાર કરવા સ્વરની મદદ લેવી પડે તે વ્યંજન. ક્ થી હ્ સુધીના 34 વ્યંજનો છે. દરેક વ્યંજન સ્વતંત્ર રીતે અડધો હોય છે પણ તેની સાથે સ્વર ભળતાં તે પૂર્ણ વ્યંજન બને છે.

ગુજરાતી ભાષામાં અક્ષર સંખ્યા 45 છે.

સ્વર : ૧૧ + વ્યંજન : ૩૪

**ગુજરાતી સ્વર :**

| હ્રસ્વ અક્ષર | દીર્ઘ સ્વર (સયુંક્ત સ્વર) | | | |
|---|---|---|---|---|
| અ | આ | એ | | |
| ઇ | ઈ | ઐ | | |
| ઉ | ઊ | ઓ | | |
| ઋ | | ઔ | | |
| 4 | 3 | 4 | = | 11 |

સ્વરનાં ચિહ્ન

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| આ | - | ા | → રામ | એ | - | ે | → નહેર |
| ઇ | - | િ | → પિતા | ઐ | - | ૈ | → ઐરાવત / વૈતરણી |
| ઈ | - | ી | → રામજી | ઓ | - | ો | → ઓઝા / કોશ |
| ઉ | - | ુ | → પુર | ઔ | - | ૌ | → ઔષધ / કૌલવ |
| ઊ | - | ૂ | → પૂર | | | | |

**ઉચ્ચાર સ્થાન :**

| વર્ગ | પ્રક્રિયા | વર્ણ | અનુનાસિક |
|---|---|---|---|
| કંઠ્ય ક વર્ગ | જીભનો આગળનો ભાગ તાળવાને અડે (ધ્વનિ ગળામાંથી નીકળે) | ક ખ ગ ઘ | ङ् |
| તાલવ્ય ચ વર્ગ | જીભનો અણીનો ભાગ તાળવા તરફ વળે | ચ છ જ ઝ | ઞ |

| | | | |
|---|---|---|---|
| મૂર્ધન્ય<br>ટ વર્ગ | જીભનો આગળનો ભાગ દાંતના વચ્ચેના ભાગથી તાળવા તરફ વળે | ટ ઠ ડ ઢ | ણ |
| દંત્ય<br>ત વર્ગ | જીભના આગળનો ભાગ ઉપલા દાંતના પાછળના ભાગને સ્પર્શે | ત થ દ ધ | ન |
| ઓષ્ઠ્ય<br>પ વર્ગ | બે હોઠના સ્પર્શથી ધ્વનિ નીકળે. | પ ફ બ ભ | મ |

વ, સ, શ, ય હ - સંઘર્ષી વ્યંજનો છે.

ય, ર, લ, વ - અર્ધસ્વર છે.

લ અને ળ - પાર્શ્વિક ધ્વનિ છે.

પાર્શ્વિક ધ્વનિ એટલે જીભની બંને ધારને અડકીને પસાર થતી હવાથી થતું ઉચ્ચારણ.

'ર' દંત્ય પ્રકંપી વ્યંજન છે.

'ર'નું ઉચ્ચારણ કરતાં જીભનો આગલો ભાગ દાંતની નજીક રહે છે ને જીભ જરા કંપન કરે છે.

**અનુનાસિક ધ્વનિ :**

જે વ્યંજનનો ઉચ્ચાર કરતાં હવા મુખપથ અને નાસિકપથ એમ બંનેમાંથી પસાર થાય તેવા વ્યંજનને અનુનાસિક વ્યંજન કહે છે.

ગુજરાતી ભાષામાં અનુનાસિક વ્યંજન

ઙ્, ઞ, ણ, ન, મ

ચાલો, હવે ધ્વનિશ્રેણી સમજીએ.

ન - ન્ + અ<br>
મા - મ્ + આ<br>
લુ - લ્ + ઉ<br>
પી - પ્ + ઈ<br>
ચૂ - ચ્ + ઊ

(ઉપરના બધા માટે:) દરેક વ્યંજનમાં સ્વર જોડાયેલ હોય છે.

→ હવે નીચેના શબ્દો જુઓ.

- રણછોડ - ર્ + અ + ણ્ + અ + છ્ + ઓ + ડ્ + અ
  જેમાં વ્યંજન - ર્, ણ્, છ્, ડ્
  સ્વર - અ, અ, ઓ, અ
- સોહામણી - સ્ + ઓ + હ્ + આ + મ્ + અ + ણ્ + ઈ
  જેમાં વ્યંજન - સ્, હ્, મ્, ણ
  સ્વર - ઓ, આ, અ, ઈ

- **નીચે આપેલ શબ્દોના ધ્વનિ છૂટા પાડી સ્વર-વ્યંજન ઓળખાવો :**

  મિજબાની : ____________________

| | | |
|---|---|---|
| શામળિયોજી | : | |
| ગિરિધર | : | |
| વહાલાજી | : | |
| સોમનાથ | : | |

**સંયુક્ત વ્યંજન (જોડાક્ષર) એટલે ?**

બે વ્યંજનોની વચ્ચે કોઈ સ્વર ન હોય ત્યારે બંને વ્યંજનો પરસ્પર જોડાઈને સંયુક્ત વ્યંજન બને છે.

**અથવા**

જ્યારે બે વ્યંજન વચ્ચે સ્વરનું અસ્તિત્વ ન હોય ત્યારે તે બે અક્ષર જોડાક્ષર કહેવાય.

નીચેના જોડાક્ષર જુઓ :

ક્ષ - ક્ + ષ્ + અ

જ્ઞ - જ્ + ઞ્ + અ

ત્ર - ત્ + ર્ + અ

જોડાક્ષર શબ્દોની ધ્વનિશ્રેણી જોઈએ.

ભિક્ષા - ભ્ + ઈ + ક્ + ષ્ + આ

યજ્ઞ - ય્ + અ + જ્ + ઞ્ + અ

નેત્ર - ન્ + એ + ત્ + ર્ + અ

ચાલો, હવે તમે જોડાક્ષર શબ્દોના ધ્વનિઓ છૂટા પાડી જુઓ !

| | | |
|---|---|---|
| નક્ષત્ર | : | |
| ક્ષેત્ર | : | |
| છત્રપતિ | : | |
| અક્ષર | : | |
| ક્ષત્રિય | : | |

ગણિતજ્ઞ : ______________________________

______________________________

ત્રાડ : ______________________________

______________________________

ત્રિવેણી : ______________________________

______________________________

ક્ષિતિજ : ______________________________

______________________________

વિદ્યાર્થી મિત્રો ! અન્ય જોડાક્ષરને સમજવા પ્રયત્ન કરીએ.

**'દ્' ના જોડાક્ષર**

| **જોડાક્ષર** | | **શબ્દ** | | | |
|---|---|---|---|---|---|
| દ્ + દ = દ્દ | - | મુદ્દા, તદ્દન | દ્ + ય = દ્ય | - | ગદ્ય, પદ્ય |
| દ્ + ધ = દ્ધ | - | શુદ્ધ, યુદ્ધ | દ્ + ર = દ્ર | - | ચંદ્ર, છિદ્ર |
| દ્ + મ = દ્મ | - | પદ્મ | દ્ + વ = દ્વ | - | દ્વિતીય, દ્વિગુ |

હવે મિત્રો આપણે 'દ્' ના જોડાક્ષરની ધ્વનિશ્રેણી જોઈએ!

| | | | | | |
|---|---|---|---|---|---|
| મુદ્દો | - | મ્ + ઉ + દ્ + દ્ + ઓ | ગદ્ય | - | ગ્ + અ + દ્ + ય્ + અ |
| શુદ્ધ | - | શ્ + ઉ + દ્ + ધ + અ | દ્વાપર | - | દ્ + વ્ + આ + પ્ + અ + ર્ |
| પદ્મ | - | પ્ + અ + દ્ + મ્ + અ | દ્વારિકા | - | દ્ + વ્ + આ + ર્ + ઈ + ક્ + આ |

✍ **નીચે આપેલ શબ્દોની ધ્વનિશ્રેણી છોડો :**

વિદ્વાન : ______________________________

વિદ્યા : ______________________________

પદ્મિની : ______________________________

દ્રવ્ય : ______________________________

બુદ્ધિ : ______________________________

વિદ્યુત : ______________________________

દ્રાવણ : ______________________________

હોદ્દો : ______________________________

વિદ્રોહ : ______________________________

## 'ધ' ના જોડાક્ષર

| જોડાક્ષર | | શબ્દ |
|---|---|---|
| ધ્ + ધ = ધ્ધ | - | અધ્ધર |
| ધ્ + ય = ધ્ય | - | અધ્યાપક |
| ધ્ + ર = ધ્ર | - | ધ્રુવ |
| ધ્ + વ = ધ્વ | - | ધ્વજ |

**નીચેના શબ્દોની ધ્વનિશ્રેણી જુઓ :**

યોદ્ધા = ય્ + ઓ + ધ્ + ધ્ + આ

ધ્રુવ = ધ્ + ર્ + ઉ + વ્

ધ્વજ = ધ્ + વ્ + અ + જ્

**નીચે આપેલ શબ્દોની ધ્વનિશ્રેણી છોડો :**

આધ્યાત્મિક : ____________________

ધ્વનિ : ____________________

ધ્રુજારી : ____________________

## 'શ' ના જોડાક્ષર

| જોડાક્ષર | | શબ્દ |
|---|---|---|
| શ્ + ર્ = શ્ર | - | શ્રદ્ધા |
| શ્ + વ = શ્વ | - | શ્વાન |
| શ્ + ચ = શ્ચ | - | નિશ્ચિત |
| શ્ + ન = શ્ન | - | પ્રશ્ન |

**નીચેના શબ્દોની ધ્વનિશ્રેણી જુઓ :**

શ્રવણ = શ્ + ર્ + અ + વ્ + અ + ણ

શ્વાન = શ્ + વ્ + આ + ન

**નીચે આપેલ શબ્દોની ધ્વનિશ્રેણી છોડો :**

પરિશ્રમ : ____________________

શ્વાસ : ____________________

શ્વેત : ____________________

આશ્રય : ____________________

શ્રાપ : ____________________

શ્વસુર : ____________________

આશ્ચર્ય : ____________________

## 'હ' ના જોડાક્ષર

| જોડાક્ષર | | શબ્દ |
|---|---|---|
| હ્ + મ = હ્મ | - | બ્રહ્મ |
| હ્ + ન = હ્ન | - | મધ્યાહ્ન |
| હ્ + ય = હ્ય | - | સહ્ય |
| હ્ + ર = હ્ર | - | હ્રાસ |
| હ્ + વ = હ્વ | - | જિહ્વા |

**નીચેના શબ્દોની ધ્વનિશ્રેણી જુઓ :**

બ્રહ્મ = બ્ + ર્ + અ + હ્ + મ્ + અ

મધ્યાહ્ન = મ્ + અ + ધ્ + ય્ + આ + હ્ + અ + ન્

✍ **નીચે આપેલ શબ્દોની ધ્વનિશ્રેણી છોડો :**

બ્રહ્મા : ____________________

સહ્યાદ્રિ : ____________________

બ્રહ્માંડ : ____________________

મૂલ્યાહ્રાસ : ____________________

**'ર' વર્ણ આવે તો '  ́ ' (રેફ) તરીકે પ્રયોજીયા**

વર્ણ - વ્ + અ + ર્ + ણ્ + અ      જીર્ણ - જ્ + ઈ + ર્ + ણ્ + અ

કર્તા - ક્ + અ + ર્ + ત્ + આ

✍ **નીચે આપેલ શબ્દોની ધ્વનિશ્રેણી છોડો :**

વર્ણન : ____________________

પદાર્થ : ____________________

સર્પ : ____________________

માર્ગ : ____________________

નિર્ભય : ____________________

કાર્ય : ____________________

સૂર્ય : ____________________

- **ઊભી રેખાવાળા વ્યંજન સાથે 'ર્' મળે ત્યારે**

(1) પ્ર = પ્ + ર્ + અ

ઉદાહરણ : પ્રમાણ - પ્ + ર્ + અ + ણ્ + આ + મ્ + અ

અન્ય ઉદાહરણ : પ્રગતિ : ____________________

પ્રત્યે : ____________________

વિગ્રહ : ____________________

વ્રજ : ____________________

(2) ક્ર = ક્ + ર્ + અ

ઉદાહરણ : ક્રમ - ક્ + ર્ + અ + મ્ + અ

અન્ય ઉદાહરણ : આક્રમણ : ____________________

ક્રમબદ્ધ : ____________________

(3) ત્ત = ત્ + ત્ + અ

ઉદાહરણ : ઉત્તર - ઉ + ત્ + ત્ + અ + ર્ + અ

અન્ય ઉદાહરણ : સત્તા : ____________________

- **નીચેના ધ્વનિઓ ધ્યાનથી જુઓ :**

(1) ટ્ર = ટ્ + ર્ + અ

ઉદાહરણ : રાષ્ટ્ર = ર્ + આ + ષ્ + ટ્ + ર્ + અ

(2) જ્ર = જ્ + ર્ + અ

ઉદાહરણ : વજ્ર = વ્ + અ + જ્ + ર્ + અ

(૩) સ્ત્ર = સ્ + ત્ + ર

ઉદાહરણ : સ્ત્રી = સ્ + ત્ + ર્ + ઈ

(4) સ્ર = સ્ + ર્ + અ

**નીચે આપેલ શબ્દોની ધ્વનિશ્રેણી છોડો :**

પરાક્રમ : ____________________

સહસ્ર : ____________________

વસ્ત્ર : ____________________

સર્ગ : ____________________

સૂર્ય : ____________________

ચિત્ત : ____________________

- કોઈ પણ શબ્દના અંતે હ્રસ્વ 'ઉ' પર અનુસ્વર હોય ત્યારે તેને ધ્વનિ શ્રેણીમાં છોડતાં હ્રસ્વ 'ઉ' પર અનુસ્વાર મૂકવામાં આવે છે.

ઉદાહરણ : ચું - ચ્ + ઉં        શું - શ્ + ઉં

◆ **યાદ રાખો :**

→ વચ્ચે સ્વર આવેલ હોવાથી નીચેના જોડાક્ષર નથી.

જુદા જુદા વ્યંજન સાથે 'ઋ' સ્વર ભળે ત્યારે

(1) ક્ + ઋ = કૃ

કૃષ્ણ = ક્ + ઋ + ષ્ + ણ્ + અ

કૃત્ય : ____________________

કૃતજ્ઞ : ____________________

કુત્રિમ : ____________________

(2) હ્ + ઋ = હૃ

હૃદય = હ્ + ઋ + દ્ + અ + ય્

હૃષ્ટપુષ્ટ : ____________________

હૃષિકેશ : ____________________

(3) ન્ + ઋ = નૃ

નૃત્ય = ન્ + ઋ + ત્ + ય્ + અ

નૃપ : ____________________

નિવૃત્તિ : ____________________

(4) ધ્ + ઋ = ધૃ

ધૃતિ = ધ્ + ઋ + ત્ + ઈ

ધૃવપદ : ____________________

(5) સ્ + ઋ = સૃ

સૃષ્ટિ = સ્ + ઋ + ષ્ + ટ્ + ઈ

સરિસૃપ : ____________________

(6) પ્ + ઋ = પૃ

પૃથ્વી = પ્ + ઋ + થ્ + વ + ઈ

પૃથક્કરણ : ____________________

પૃચ્છા : ____________________

(7) દ્ + ઋ = દૃ

દૃષ્ટિ = દ્ + ઋ + ષ્ + ટ્ + ઈ

દૃઢ : ____________________

# સંજ્ઞા

✍ ચિત્રોને ઓળખી નામ લખો.



________________



________________



________________



________________



________________



________________



________________

મિત્રો, તમે ઉપરના ચિત્રો ઓળખી બતાવ્યા ? સરસ... હવે આપણે ફકરાનો અભ્યાસ કરીએ.

રમેશ પરીક્ષામાં પ્રથમ આવ્યો, એટલે તે દોડીને શાળાએથી ઘરે પહોંચ્યો. પરીક્ષામાં પ્રથમ આવ્યાની વાતથી તે બહુ જ ખુશ હતો. તેણે આ વાત પોતાના માતા-પિતાને કહી. આ સમાચાર સાંભળી તેઓ બહુ આનંદિત થયા અને તેને ગળે લગાવી દીધો.

**✍ ચાલો, આપણે ફકરાને આધારે પ્રશ્નોના એક શબ્દમાં ઉત્તર આપીએ.**

(1) પરીક્ષામાં કોણ પ્રથમ આવ્યું ? ______________________

(2) પરીક્ષામાં પ્રથમ આવતાં તે ક્યાં ગયો ? ______________________

(3) પરીક્ષામાં પ્રથમ આવતાં તે શું અનુભવતો હતો ? ______________________

(4) પરીક્ષામાં પાસ થવાની વાત કોને કરી ? ______________________

(5) પુત્રના પાસ થવાના સમાચાર સાંભળીને શું થયું ? ______________________

ફકરાને આધારે ઉત્તર આપી દીધા ને ? તો તમે જુઓ પ્રથમ ઉત્તરમાં નામનો, બીજા વાક્યમાં સ્થળનો, ત્રીજા અને પાંચમાં વાક્યમાં ભાવનો, ચોથા વાક્યમાં જાતિનો ઉલ્લેખ થયો બરાબરને !

તો આ બધા શબ્દોને વ્યાકરણની ભાષામાં નામ + સંજ્ઞા કહે છે.

- **સંજ્ઞા એટલે શું ?**

  કોઈ વ્યક્તિ, વસ્તુ, સ્થળને ઓળખવા માટે જે શબ્દ વપરાય તેને ‘સંજ્ઞા’ કહે છે.

- **સંજ્ઞાની લાક્ષણિકતાઓ :**

→ સંજ્ઞા લિંગ ધરાવે છે.

→ સંજ્ઞા વચન ધરાવે છે.

→ સંજ્ઞા વિકારી કે અવિકારી હોય છે.

- વિકારી એટલે લિંગ કે વચન અનુસાર જેનું રૂપ બદલાય તેવી સંજ્ઞા.

  જેમ કે વાંદરો - વાંદરી - વાંદરું / સસલુ, સસલો, સસલી

- **અવિકારી સંજ્ઞા :**

  લિંગ અનુસાર જે સંજ્ઞાનું રૂપ ન બદલાય, યથાવત રહે તેવી સંજ્ઞા.

  જેમ કે, ખેતર, નદી...

  તો મિત્રો, તમે નીચેની સંજ્ઞા વિકારી છે કે અવિકારી તે ઓળખી બતાવશો ને ?

| | | |
|---|---|---|
| (1) કાંસકો ____________ | (2) લાડુ ____________ | (3) વર્ગ ____________ |
| (1) ચપ્પુ ____________ | (5) રાજા ____________ | |

→ સંજ્ઞા મૂર્ત કે અમૂર્ત હોય છે.

- **મૂર્ત સંજ્ઞા :**



શેનાથી ઓળખાય ?

(ગંધ / સ્વાદ / અવાજ)



શેનાથી ઓળખાય ?

(સ્વાદ / ચળકાટ / ગંધ)

તો મિત્રો, કોઈ પણ ઈન્દ્રિય (આંખ, નાક, કાન, સ્પર્શ, સ્વાદ)થી અનુભવી શકાય તે મૂર્ત સંજ્ઞા...

- **અમૂર્ત સંજ્ઞા :**

  જેને કોઈ રંગ, રૂપ, કદ, આકાર, ગંધ વગેરે નથી, માત્ર તર્કથી અનુભવાય તે અમૂર્ત સંજ્ઞા.

  વિચાર, ક્રોધ, દુઃખ, માનવતા ...

  તો ચાલો હવે સંજ્ઞાના પ્રકારો વિષે જાણીએ.

**(1) વ્યક્તિવાચક સંજ્ઞા :**

કોઈ પણ વ્યક્તિ, પદાર્થ, વસ્તુને ઓળખવા માટે આપવામાં આવેલા વિશેષ નામને 'વ્યક્તિવાચક સંજ્ઞા' કહે છે.

→ કોઈપણ વ્યક્તિનું નામ : રાકેશ, પારૂલ, પાર્થવી, ________ , ________

→ કોઈપણ નદીનું નામ : ગંગા, યમુના, ________ , ________

→ કોઈપણ પર્વતનું નામ : ગિરનાર, હિમાલય, ________ , ________

→ કોઈપણ ગ્રંથનું નામ : રામાયણ, મહાભારત, ________ , ________

→ કોઈપણ સમુદ્રનું નામ : હિંદ મહાસાગર, ________ , ________

→ કોઈપણ ગામ / શહેર / રાજ્ય : સંડેર, પાટણ, ગુજરાત, ભારત

દેશનું નામ : ________ ________ ________ ________

તમારા ગામનું નામ શું છે ? ________________ તે

કઈ સંજ્ઞા બનશે ? ________________

→ કોઈ પણ તહેવારનું નામ : દિવાળી, હોળી, ________ , ________

→ કોઈ પણ મહિના / વારનું નામ : જાન્યુઆરી, કારતક, સોમવાર, ________ , ________ ,

→ કોઈ પણ ગ્રહનું નામ : સૂર્ય, ચંદ્ર, ________ , ________

→ કોઈ પણ ફૂલ / વૃક્ષનું નામ : ગુલાબ, ________ , ________ , ________

લીમડો, ________ , ________ , ________

**✍ નીચે આપેલ વાક્યોમાંથી વ્યક્તિવાચક સંજ્ઞા શોધો.**

(1) અમરતકાકી જ ગાંડી દીકરીને ઉછેરી શકે ________________

(2) ગુરુ માંડણ ભગત થઈ ગયા ધોરાજીના પડખે ________________

(3) મૃકંડુ ઋષિને સંતાન ન હતું ________________

(4) ક્યાં સોમનાથ અને ક્યાં દ્વારકા ________________

(5) કલ્પના ચાવલા અવકાશયાત્રી હતાં. ________________

**(2) જાતિવાચક સંજ્ઞા :**

કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે પદાર્થના આખા વર્ગને કે જાતિને દર્શાવનાર સંજ્ઞા :

જેમ કે, મંત્રી, સેવક, શિક્ષક, દેવ, હંસ, સ્ત્રી ...... કાગડો, ગાય.

તો આખી જાતિને લગતી સંજ્ઞા તમે બતાવો તો ?

________ ________ ________ ________ ________

✍ **નીચે આપેલ વાક્યોમાંથી જાતિવાચક સંજ્ઞા શોધો.**

(1) અમે તો પરીખ વાણિયા ______________

(2) કેળાં પવિત્ર ફળ છે. ______________

(3) માર્કંડી વૈજનાતના ડુંગરમાંથી નીકળે છે. ______________

(4) હાજી, સાંદીપનિ ડુંગરમાંથી નીકળે છે. ______________

(5) કોર્ટમાં વકીલો મોટે મોટેથી દલીલો કરવા લાગ્યાં. ______________

**(3) સમૂહવાચક સંજ્ઞા :**

જે સંજ્ઞા કોઈ પણ વ્યક્તિ, વસ્તુ, પદાર્થના જૂથ કે સમૂહનો નિર્દેશ કરે તે

→ સમૂહવાચક સંજ્ઞા હંમેશા એકવચનમાં જ પ્રયોજાય છે.

જેમ કે, ધણ (ગાયોનો સમૂહ) ઝૂડો (ચાવીઓનો સમૂહ)

મિત્રો, સમૂહ દર્શાવતા શબ્દો બીજા કયા આવી શકે ?

______________ ______________ ______________ ______________

✍ **નીચે આપેલ વાક્યોમાંથી સમૂહવાચક સંજ્ઞા શોધો.**

(1) ત્રણ ભારા બાંધ્યા દોરડો. ______________

(2) કીડીઓ સહકુટુંબ મિત્રમંડળ સહિત આવે છે. ______________

(3) વિદ્યાર્થીઓ જૂથ પાડી ભણી રહ્યાં હતાં. ______________

(4) અંબાજી પગપાળા યાત્રાળુઓનો સંઘ ચાલ્યો. ______________

(5) ગામના વિકાસ માટે ભંડોળ એકઠું કર્યું. ______________

**(4) દ્રવ્યવાચક સંજ્ઞા :**

→ કોઈ પણ પદાર્થ કે પ્રવાહી ઘન-દ્રવ્ય સ્વરૂપે જોવા મળે તે સંજ્ઞા.

→ ગણી ન શકાય તેવા પદાર્થોને દર્શાવતી સંજ્ઞા.

→ આ સંજ્ઞાને કિલોગ્રામ, લિટરમાં માપી શકાય.

જેમ કે, દૂધ, પાણી, લોખંડ, રેતી, બરફ.

ચાલો, તમે પણ ઘન-પ્રવાહી હોય તેવી સંજ્ઞા જણાવો.

______________ ______________ ______________ ______________ ______________

✍ **નીચે આપેલ વાક્યોમાંથી દ્રવ્યવાચક સંજ્ઞા શોધો.**

(1) મંગુને દહીં બહુ ભાવે છે. ______________

(2) કેરીનો રસ આપણે ખાઈએ છીએ. ______________

(3) અમૃત જાણી મીરાં પી ગયા. ______________

(4) પેટ્રોલના ભાવ વધતા જાય છે. ______________

(5) તમારી માએ શેર સૂંઠ ખાધી હોય. ______________

**(5) ભાવવાચક સંજ્ઞા :**

→ ભાવનો નિર્દેશ કરતી સંજ્ઞા.

→ જે શબ્દથી કોઈ પણ વસ્તુ, પદાર્થ, પ્રાણીની દશા, દોષ, ભાવ વગેરેની ખબર પડે ત્યાં ભાવવચક સંજ્ઞા પ્રયોજાય. ટૂંકમાં, જે સ્થૂળ રીતે જોઈ ન શકાય પણ માત્ર અનુભવી શકાય તેવી સંજ્ઞાઓને 'ભાવવાચક સંજ્ઞા' કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો વ્યક્તિના ગુણ, ક્રિયા કે મનના ભાવો, મનની સ્થિતિ દર્શાવતી સંજ્ઞા.

જેમ કે, હોંશિયારી, ક્રોધ, મજા, પ્રેમ .....

તો તમે પણ ભાવ દર્શાવતા શબ્દો અહીં લખો.

_____________ _____________ _____________ _____________ _____________

**નીચે આપેલ વાક્યોમાંથી ભાવવાચક સંજ્ઞા શોધો.**

(1) પણ અમને સંતોષ ન થયો. _______________

(2) બીજાં બી ખાવાની હિંમત જ ન ચાલી _______________

(3) અમારી પરાધીનતા અમને સાલવા લાગી. _______________

(4) ટાઢે ધ્રૂજે આપણી દેહ, મને કેમ વીસરે રે ? _______________

(5) વહેમનું કોઈ ઓસડ નથી. _______________

**(6) ક્રિયાવાચક સંજ્ઞા :**

કોઈ પણ ક્રિયા દર્શાવતી સંજ્ઞાને 'ક્રિયાવાચક સંજ્ઞા' કહેવામાં આવે છે.

જેમ કે, મહેમાનશ્રી આપણને બે બોલ કહેશે.

અહીં બોલવું ક્રિયા છે. પણ <u>બોલ</u> ક્રિયા દર્શાવનાર સંજ્ઞા.

| | | | |
|---|---|---|---|
| ચાલવું - | ચાલ | દોડવું - | દોડ |
| નાચવું - | _____________ | કૂદવું - | _____________ |
| રમત - | _____________ | | |

**નીચે આપેલ વાક્યોમાંથી ક્રિયાવાચક સંજ્ઞા શોધો.**

(1) માગણી કર્યે તો વરસ ત્રણ થઈ ગયા. _______________

(2) રામજી મંદિર જઈ દર્શન કરી શાંત થઈ જવું. _______________

(3) તેમણે કોઈ દિવસ અમને એકેય ભાઈને તાડન કર્યું હોય તેવું મને સ્મરણ નથી. _______________

(4) બધી માલમિલકત અને દીકરાની ભાળવણી કરતા ગયા છે ગોપાળદાસને ! _______________

◆ **પ્રવૃત્તિ :**

**નીચેની સંજ્ઞાઓને વર્ગીકૃત કરો :**

રેલી, ભાવનગર, સરસ્વતી, વિદ્યાર્થી, આળસ, નિષ્ઠા, જમાત, પારો, વિચાર, સોનલ, ઈડર, સેવા, કાપડ, દાળ, મનુષ્ય, હાથી, અનાજ, રૂ, ખાંડ, નીડર, માછલી, સંઘર્ષ, સ્મરણ, માર, કુઑન, લૂમ, કરુણા, નિશાળ, જીવદયા

| વ્યક્તિવાચક સંજ્ઞા | જાતિવાચક સંજ્ઞા | સમૂહવાચક સંજ્ઞા | દ્રવ્યવાચક સંજ્ઞા | ભાવવાચક સંજ્ઞા | ક્રિયાવાચક સંજ્ઞા |
|---|---|---|---|---|---|
| | | | | | |

## ✍ નીચેનાં વિકલ્પોમાંથી યોગ્ય જવાબ શોધો :

(1) દ્રવ્યવાચક સંજ્ઞા ઓળખાવો.

(અ) ઘોડો (બ) ઝેર (ક) મીઠાશ (ડ) હિમાલય

(2) નીચેનામાંથી કઈ સંજ્ઞા વ્યક્તિવાચક સંજ્ઞા છે ?

(અ) ઝાડ (બ) પાણી (ક) ઘડપણ (ડ) ભારત

(3) નફરત - સંજ્ઞા પ્રકાર જણાવો.

(અ) વ્યક્તિવાચક સંજ્ઞા (બ) ભાવવાચક સંજ્ઞા

(ક) સમૂહવાચક સંજ્ઞા (ડ) ક્રિયાવાચક સંજ્ઞા

(4) નીચેનામાંથી દ્રવ્યવાચક સંજ્ઞા કઈ છે ?

(અ) લશ્કર (બ) મંત્રી (ક) તીખાશ (ડ) સોનું

(5) સમૂહવાચક સંજ્ઞાનાં બે ઉદાહરણ લખો.

(1) ______________________

(2) ______________________

(6) સંજ્ઞાની લાક્ષણિકતાઓ જણાવો.

______________________

______________________

______________________

(7) વ્યક્તિવાચક સંજ્ઞાનાં બે ઉદાહરણ લખો.

______________________

______________________

______________________

______________________

______________________

# સર્વનામ

- વ્યવહારમાં સામાન્ય રીતે આપણે વાતચીત કરીએ છીએ ત્યારે વખતોવખત નામનો ઉલ્લેખ કરતા નથી. મહેશ, રમેશ જેવા નામના સ્થાને 'હું', 'તું' જેવા સર્વ બધાને લગતા શબ્દો લખાય છે, બોલાય છે આવા નામના બદલે જે શબ્દ પ્રયોગો વપરાય છે તેને 'સર્વનામ' કહે છે.

ઉદહારણ - રામ વનમાં ગયાં.

- તે વનમાં ગયાં.

અહીં 'રામ' શબ્દ કર્તા છે. કર્તાપદને બદલે 'તે' પ્રયોજાયો છે. તે કોઈ પણ કર્તા માટે વાપરી શકાય હવે આપણે સર્વનામનો વિશેષ પરિચય મેળવીએ.

'સુદામો મારો બાળ સ્નેહી'

'સિંહ જંગલ તરફ ચાલતો થયો'

'તારી નોટ જ કલાસમાં કેમ બતાવતા હશે ?'

'એના સૌંદર્યથી અંજાઈ ગયો હતો ?' (૮.૨.૫૩)

અહીં 'સુદામો', 'સિંહ' નામપદ છે. સંજ્ઞા છે પરંતુ પછીના વાક્યમાં નામને બદલે 'તારી', 'એના' શબ્દ પ્રયોજાયા છે. વાતચીત કે વ્યવહારમાં વારંવાર નામનો ઉપયોગ કરવાથી શ્રવણ પ્રિયતા રહેતી નથી એટલે પરસ્પર 'હું', 'તુ', 'મે', 'એને'; એણે જેવા શબ્દો વપરાય છે. વારંવાર પ્રયોજાતા આવા શબ્દને સ્થાને જે શબ્દનો ઉપયોગ થાય તેને 'સર્વનામ' કહેવાય. સર્વનામથી વાક્ય ટૂંકુ, સરળ અને સહજ સમજાય જાય છે.

'એની વિકરાળ આંખ જોઈ'

'મારી છેલ્લી ઈચ્છા દર્શન કરવાની છે'

'તેં જલેબી ખાધી'

'એ ભાઈ સાબ'

'તમે કોઈ જાતની ફિકર કરશો નહીં'

અહીં ખ્યાલ આવશે કે નામપદ કે સંજ્ઞાનો જ્યાં ઉપયોગ થવો જોઈએ ત્યાં અન્ય પદ છે. આમ, નામના સ્થાને જ્યાં જ્યાં જે શબ્દ વપરાય તેને 'સર્વનામ' કહેવાય. અર્થાત્ નામના બદલે વપરાય તે સર્વનામ.

**આપેલ વાક્યમાં સર્વનામ શોધો.**

(1) 'અમારે માટે ગોંદરું એ ચૉકલેટ જેવું છે.' 1 ____________

(2) 'આજ આનંદ મારે આંગણે રે લોલ.' 2 ____________

(3) 'હું તો થરથર કાંપતી હતી.' 3 ____________

(4) 'એ અપૂજ રહે છે.' 4 ____________

(5) 'તું આ ઘરની લક્ષ્મી છે.' 5 ____________

✍ **સર્વનામને આધારે ખાલી જગ્યા પૂર્ણ કરો.**

(1) '____________ ઊઠીને આવી ભૂલ ના કરે.'

(2) '____________ સામાન તો ઓછામાં ઓછો લીધો.'

(3) '____________ માણસે ફરીવાર ધ્યાનથી જોયું.'

(4) '____________ આણંદમાં દૂધ પીધું.'

(5) '____________ દોડ દોડ.'

✍ **આપેલ સર્વનામનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

(1) કોણ : ________________________

(2) તે : ________________________

(3) હું : ________________________

(4) એને : ________________________

(5) એણે : ________________________

✍ **આપેલ વાક્યમાં સર્વનામનાં સ્થાને શું વપરાયું તે શોધીને લખો.**

(1) 'ઈને ધોળે દા'ડે તારા બતાડું.' 1 ____________

(2) 'તમારે ન લેવી જોઈએ.' 2 ____________

(3) 'અમે મરી જઈએ છીએ.' 3 ____________

(4) 'અમારું જીવન ગુંજે' 4 ____________

(5) 'પેલાએ તાર કર્યો' 5 ____________

✍ **પાઠ્યપુસ્તકમાં સર્વનામોનો ઉપયોગ થયો હોય તેવાં વાક્યો શોધી લખો.**

(1) ________________________

(2) ________________________

(3) ________________________

(4) ________________________

(5) ________________________

- **રોજિંદા જીવનવ્યવહારમાં, બોલચાલમાં કયા કયા સ્થાને સર્વનામનો ઉપયોગ થાય છે તે વિચારી વધુ ઉપયોગ થતો હોય તેવા સર્વનામ શોધી લખો.**

(1) ________________________

(2) ____________________

(3) ____________________

(4) ____________________

(5) ____________________

**આપેલ કોષ્ટકમાં સર્વનામ છે તે શોધી ફરતે ◯ દોરો, અને નીચે લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| હું | એ | ત | મે | આ |
| આ | ણે | મો | તે | મ |
| પ | ત્યાં | એ | મ | ણે |
| ણ | કો | ણે | આ | શું |
| તે | નું | અ | મે | તું |

**યાદી :** (1) ________ (8) ________ (15) ________

(2) ________ (9) ________ (16) ________

(3) ________ (10) ________ (17) ________

(4) ________ (11) ________ (18) ________

(5) ________ (12) ________ (19) ________

(6) ________ (13) ________ (20) ________

(7) ________ (14) ________

**પ્રવૃત્તિ :**

યાદી મુજબના સર્વનામનો ઉપયોગ કરીને એક ફકરો લખો.

____________________

____________________

____________________

____________________

____________________

____________________

____________________

# વિશેષણ

- નીચેનાં વાક્યો જુઓ.

(1) આ સુંદર ફૂલ છે.

(2) તે કાળો ઘોડો છે.

(3) સમૂહ ગીતમાં ભાગ લેનારે સફેદ કપડાં પહેરવાં.

(4) વર્ગમાં સાત છોકરીઓ અભ્યાસ કરી રહી છે.

ઉપરના વાક્યમાં તમે જોઈ શકો છો કે કાળો, સફેદ દ્વારા રંગ, સુંદર દ્વારા ગુણ અને સાત દ્વારા સંખ્યા દર્શાવવામાં આવી છે. એટલે કે સંજ્ઞાના અર્થમાં ગુણ, આકાર, કદ સંખ્યા આદિના અર્થ ઉમેરવા માટે વિશેષ શબ્દો વપરાયા છે. જેને આપણે વિશેષણ કહીએ છીએ.

વિશેષણ નામની (વિશેષ્યની) વિશેષતા બતાવે છે.

| વાક્ય | ઉદાહરણ | વિશેષણ | વિશેષ્ય |
|---|---|---|---|
| નર્મદા ઊંડી નદી છે. | ઊંડી નદી | ઊંડી | નદી |
| શેઠે સૂકો રોટલો ખાવા આપ્યો. | સૂકો રોટલો | સૂકો | રોટલો |
| ચરોતરની ફળદ્રૂપ જમીન છે. | ફળદ્રુપ જમીન | ફળદ્રુપ | જમીન |
| ચંદ્રહાસ અનાથ બાળ હતો. | અનાથ બાળક | અનાથ | બાળક |

- **વિશેષણના પ્રકારો અંગે જાણીએ.**

**(1) ગુણવાચક વિશેષણ :**

- ઊંચી દીવાલ → દીવાલ કેવી ? [ ]
- કડક આચાર્ય → આચાર્ય કેવા ? [ ]

'ઊંચી' આકાર દર્શાવે છે અને 'કડક' ગુણ દર્શાવે છે.

ચાલો, તમે પણ આ પ્રકારના ગુણ દર્શાવનાર પદ મૂકી શબ્દો બનાવો.

| | | |
|---|---|---|
| ______ પીપ | ______ સિક્કો | ______ શહેર |
| ______ મકાન | ______ લીમડો | ______ છોકરો |
| ______ છાસ | ______ ભોજન | |

સરસ ! હવે તમને ખબર પડી હશે કે આ શબ્દોમાં કદ, આકાર, રંગ, ગુણ દર્શાવવામાં આવ્યા છે. તો જે વિશેષણ સંજ્ઞાના આકાર, કદ, રંગ, ગુણ કાર્યના આદિના અર્થમાં વધારો કરે તેને 'ગુણવાચક વિશેષણ' કહે છે.

**નીચેના વાક્યો વાંચો :**

(1) સયાજીરાવ મહત્ત્વાકાંક્ષી રાજવી હતા.

(2) 'વર્ગખંડમાં વાતો કરવી એ હાનિકારક છે.'

(3) અમદાવાદ મોટું શહેર છે.

(4) લતા મધુર ગીત ગાય છે.

ચાલો, ઉપરોક્ત વાક્યોમાંથી ગુણવાચક વિશેષણ શોધી કાઢી તેની ફરતે વર્તુળ કરો.

**નીચે આપેલ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી ગુણવાચક વિશેષણ દર્શાવાતાં વાક્યો બનાવો.**

(1) ઈંડું ______________ હોય છે.

(2) ધાર્મિક ______________ વિદ્યાર્થી છે.

(3) ડૉ. શામજીભાઈ ______________ આચાર્ય હતા.

(4) ______________ મરચું સૌને ગમે.

(5) ઊંચો કૂદકો મારવો ______________ માણસનું કામ નહિ.

(6) કબડ્ડીનું મેદાન ______________ હોય છે.

**(2) સંખ્યાવાચક વિશેષણ :**

- ત્રણ કેળાં લાવજો. → કેટલાં કેળા ? [ ]
- તાજમહલને ચાર મિનારા છે. → કેટલા મિનારા ? [ ]

તમે જોયું ! બંને વાક્યોમાં સંખ્યા દર્શાવવામાં આવી છે, તો જે વિશેષણ વિશેષ્ય (નામ)ની સંખ્યા દર્શાવે તેને 'સંખ્યાવાચક વિશેષણ' કહે છે.

**નીચેના વાક્યો વાંચો :**

(1) ભીમના બાહુમાં હજાર હાથીનું બળ હતું.

(2) મૂડી નાખતાં પહેલાં સો ગળણે ગાળીએ.

ઉપરનાં વાક્યોમાંથી સંખ્યા દર્શાવતાં પદ ઉપર વર્તુળ કરો.

**નીચે આપેલ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી સંખ્યાવાચક વિશેષણ દર્શાવાતા વાક્યો બનાવો.**

(1) ચોમાસું ______________ માસનું હોય છે.

(2) મધમાખીને ______________ પગ હોય છે.

(3) અઠવાડિયાના ______________ દિવસ હોય છે.

(4) રાવણને ______________ માથાં હતાં.

**(3) ક્રમવાચક વિશેષણ : (ક્રમિક વાચક)**

- મૈત્રી પ્રથમ નંબરે પાસ થઈ.
- પગલી ભરી અહીં પહેલી...

બંને વાક્યોમાં ક્રમ દર્શાવ્યો છે. પ્રથમ અને પહેલી વાક્યની અંદર ક્રમ કે તેનું સ્થાન બતાવનારાં વિશેષણને 'ક્રમવાચક વિશેષણ' કહે છે.

જેમ કે બીજો, ત્રીજો, આગળ, પાછળ...

**નીચેના વાક્યો વાંચો :**

(1) બોર્ડના વિદ્યાર્થીઓ માટે દસમું ધોરણ મહત્ત્વનું હોય છે.

(2) તૃતીય સમૂહ લગ્નોત્સવ ધામધૂમથી ઉજવાયો.

ઉપરનાં વાક્યોમાંથી સંખ્યા દર્શાવતાં પદ ઉપર વર્તુળ કરો.

**✍ નીચે આપેલ ખાલી જગ્યામાં ક્રમવાચક વિશેષણ મૂકી વાક્ય બનાવો.**

(1) લૉર્ડ માઉન્ટબેટન ભારતના ______________ ગર્વનર જનરલ હતા.

(2) બેંકમાં ______________ અને ______________ શનિવારે રજા હોય છે.

(3) પી.ટી.ઉષાનો ઑલમ્પિકમાં ______________ નંબર આવ્યો હતો.

**(4) આશરે વાચી / અનિશ્ચિતતા વાચક વિશેષણ :**

- ટ્રેન આશરે ચાર કલાક મોડી આવી.
- મેદાન પર લગભગ 50 વિદ્યાર્થીઓ હતા.
- કોઈક વ્યક્તિએ તો આ કરવું જ પડશે.

વાક્યમાં અંદાજ દર્શાવનાર આશરે, લગભગ કશુંક, કોઈ જેવાં પદ અનિશ્ચિતતા દર્શાવે છે. ત્યારે 'અનિશ્ચિતતા' વાચક કે 'આશરેવાચી' વિશેષણ બને છે.

**✍ આશરેવાચી વિશેષણ દર્શાવતાં ત્રણ વાક્યો બનાવો.**

(1) ________________________________________________

(2) ________________________________________________

(3) ________________________________________________

**(5) માત્રાસૂચક (પરિમાણ વાચક) વિશેષણ :**

- આગગાડીના ડબામાં ઘણી ગંદકી હતી. (કેટલી ગંદકી ? __________)
- કીડીને કણને હાથીને મણની જરૂરિયાત હોય છે. (કીડીને કેટલી જરૂરિયાત ? __________)

ઉપરોક્ત વાક્યોમાં પ્રમાણ કે માપ દર્શાવવામાં આવ્યું છે. પરિમાણ એટલે માપ. જે વિશેષણ વિશેષ્યનું પ્રમાણ કે માપ દર્શાવે તેને 'પ્રમાણવાચક કે માત્રાસૂચક' વિશેષણ કહે છે.

માત્રાસૂચક વિશેષણ દર્શાવતા શબ્દો :

થોડું, થોડાંક, વિપુલ, અતિશય, જરા, આટલું, કેટલું, તદ્દન, સાવ.....

- હવે થોડુંક ચાલવાથી પણ થાકી જવાય છે.
- ગઈકાલે અતિશય વરસાદ પડ્યો હતો.

માપ દર્શાવતાં શબ્દો પર વર્તુળ કરો.

**✍ નીચેનાં વાક્યોમાં યોગ્ય શબ્દ મૂકી 'માત્રાસૂચક વિશેષણ' દર્શાવાતાં વાક્ય બનાવો.**

(1) રાજાના ખજાનામાં ______________ સોનું હતું.

(2) સભામાં ______________ લોકો એકઠા થયા હતાં.

(3) પુસ્તક પર ______________ ધૂળ પડી હતી.

(4) મને ______________ જ ચા આપજો.

**(6) સંબંધવાચક વિશેષણ :**

- નદી કોતર → <u>નદીની કોતર.</u>
- રાજા કુંવર → <u>રાજાનો કુંવર</u>

ઉપરોક્ત બે પદોને જોડવા માટે 'ની, નો' ઉપયોગ કરવામાં આવ્યો. ચાલો, તમે પણ આ પ્રકારે નીચેનાં પદો જોડી બતાવો તો !

- પ્રિયા પર્સ ____________________
- મહારાણાપ્રતાપ ઘોડો ____________________
- લાકડા પાટ ____________________

સરસ ! તમે બે પદોને નો, ની, નું, ના... દ્વારા જોડીને સંબંધ દર્શાવ્યો. વાક્યમાં ષષ્ઠી વિભક્તિના પ્રત્યયો - નો, ની, નું, ના, નાં દ્વારા જોડાયેલ પદો 'સંબંધવાચક વિશેષણ' બને છે.

સંબંધવાચક વિશેષણ ખરેખર તો સંજ્ઞા જ છે.

સંજ્ઞા વિશેષ્યના વિશેષણ તરીકે વપરાય છે. ત્યારે આવા વિશેષણને 'સંબંધવાચક વિશેષણ' કહે છે. નીચેનાં વાક્યો જુઓ.

(1) વહાલાજીનું રૂપ રૂદેમાં વસિયું.

(2) મેં ચિઠ્ઠી પિતાજીના હાથમાં ધ્રુજતે હાથે મૂકી.

(3) નેન્સીને સૂવા ઊંઘની દવા આપીએ છીએ.

(4) અને મક્ષિકાઓનાં બચ્ચાં ભૂખ્યાં રહે ?

ઉપરના વાક્યોમાંથી સંબંધવાચક વિશેષણ દર્શાવતા પદ શોધી તેની ફરતે વર્તુળ કરો.

✍ **સંબંધવાચક વિશેષણ દર્શાવતાં ત્રણ વાક્યો બનાવો.**

(1) ____________________

(2) ____________________

(3) ____________________

**(7) સાર્વનામિક વિશેષણ :**

નીચેનાં વાક્યો જુઓ :

(1) અહીંની મારી બોરડી પરથી

(2) અમારો પ્રવાસ આગળ ચાલ્યો.

આ બંને વાક્યોમાં 'મારી, અમારો' પદ સાર્વનામિક વિશેષણ તરીકે કાર્ય કરે છે.

- સર્વનામ તરીકે આવતું પદ નામના અર્થમાં વધારો કરે ત્યારે 'સાર્વનામિક વિશેષણ' બને છે.

(1) ગુર્જરીના ગૃહકુંજે અમારું જીવન ગુંજે ગુંજે

(2) ત્યારે જ મારી લોહીની સગાઈ ખરી !

(3) આપણી નૂતન સંસ્કૃતિનાં પ્રતીક તો દેશમાં કયાં નથી ?

ઉપરના વાક્યોમાંથી સાર્વનામિક વિશેષણ શોધી તેને ફરતે વર્તુળ કરો.

**(8) દર્શક વિશેષણ :**

નીચેનાં વાક્યો જુઓ :



_____________ ઘર અમારું છે. (આ, મારું, કોઈનું)

ઘર તરફ આંગળી સૂચવતાં 'આ' પદ મૂક્યું ! બરાબરને !



_____________ મંદિર જોયું ? (તારું, પેલું, એમનું)

ચિત્ર તરફ આંગળી ચીંધી કયું પદ મૂકશો ?

તો દોસ્તો ! જે વિશેષણ નજીકના કે દૂરના પ્રાણી, પદાર્થ કે વસ્તુને દર્શાવવા વપરાયા હોય તેને દર્શક વિશેષણ કહે છે.

આ, પેલું, પેલો, પેલી, એ, તે..... પદ દર્શક વિશેષણ દર્શાવે છે.

હવે, નીચેનાં વાક્યો વાંચો :

(1) તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો.

(2) પેલો ખેડૂત ખૂબ મહેનત કરી રહ્યો છે.

(3) આ ગામનાં છોકરાંને બોર પણ નથી મળતાં.

(4) પેલું ઝાડ ઘણું ઊંચું છે.

ઉપરના વાક્યોમાંથી દર્શક વાચક વિશેષણ શોધી તેને ફરતે વર્તુળ કરો.

**✍ દર્શકવાચક વિશેષણ દર્શાવતાં ત્રણ વાક્યો બનાવો.**

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

◆ **પ્રવૃત્તિ :**

**✍ નીચે આપેલ ખાલી જગ્યામાં યોગ્ય સાર્વનામિક વિશેષણ મૂકી વાક્ય બનાવો.**

(1) _____________ ઓચ્છવ _____________ આંગણે.

(2) માર્કંડી તો _____________ નાનપણની સખી છે.

(3) દેવદૂતોએ _____________ હાથ બાવડેથી ઝાલેલા.

(4) _____________ ખુશામત કરવી સારી નહિ.

→ **વિશેષણ વિકારી કે અવિકારી હોય છે.**

**✍ વિકારી વિશેષણ :** ડાહ્યો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડાહ્યો | છોકરો | ડાહી | છોકરી | ડાહ્યું | છોકરું |
| કાળો | ઘોડો | | ઘોડી | | ઘોડું |
| મોટો | છોકરો | | મકાન | | ઈમારત |
| ધોળો | પતંગ | | ધજા | | દૂધ |

તમે વિશેષણ (નામ)ના લિંગ-વચન અનુસાર યોગ્ય શબ્દ મૂક્યાં ને ?

તો દોસ્તો, જે વિશેષણ વિશેષ્યના જાતિ વચન પ્રમાણે બદલાય તેને 'વિકારી વિશેષણ' કહે છે.

**વાક્યને અંતે કૌંસમાં વિકારી વિશેષણનું મૂળરૂપ આપેલું છે. તમારે વિશેષ્ય (નામ)નું યોગ્ય રૂપ વાપરી ખાલી જગ્યા પૂરો.**

(1) બીડી પીવાની ટેવ એટલે ______________ અને હાનિકારક ટેવ. (ગંદુ)

(2) ભગતના પડખામાં ______________ ગિંગોડો ચડી ગયેલો. (જાડું)

(3) સાંજ શમે શામળિયો ______________ વૃંદાવનથી આવે. (વહાલું)

**અવિકારી વિશેષણ :** હોશિયાર

| | | | | | |
|---|---|---|---|---|---|
| હોશિયાર | છોકરો | હોશિયાર | છોકરી | હોશિયાર | છોકરું |

ચાલાક :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ચોર | | શિયાળ | | વિદ્યાર્થીઓ |

દયાળુ :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | રાજા | | રાણી | | કુંવર |

સફેદ :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ઘોડો | | ઘોડી | | ઘોડું |

તમે અનુભવ્યું હશે કે લિંગ-વચનને કારણે કોઈ ફેરફાર થયો ?

તો મિત્રો, વિશેષણના રૂપમાં જાતિ-વચનને કારણે કોઈ ફેરફાર થતો ન હોય તેવા વિશેષણને અવિકારી વિશેષણ કહે છે.

**ચાલો, એક રમત રમીએ.**

વાક્યને અંતે કૌંસમાં વિશેષણ આપ્યાં છે. કૌંસમાં આપેલા વિશેષણથી વિરોધી વિશેષણથી ખાલી જગ્યા પૂરો.

ઉદાહરણ : એમાં આ તો ______________ ધન (પોતાનું)

એમાં આ તો પારકાનું ધન.

(1) ______________ શરીર થાયે ઘણું, તને સાંભરે રે ? (ઉષ્ણ)

(2) હું દરવાજા પાસેની ______________ ધર્મશાળામાં ઉતરેલો. (નાની)

(3) ______________ વિદ્યાર્થી વધુ આગળ વધે છે. (ઠોઠ)

(4) શાળામાં રમેશ એક જ ______________ છોકરો છે. (મહેનતુ)

**નીચે આપેલ વાક્યો વાંચી, નીચે આપેલ કોઠામાં વિશેષણ અને પ્રકાર લખો.**

(1) ત્યારે મારી ઉંમર બાર - તેર વર્ષની હશે.

(2) મારું જીવતર ધૂળ છે.

(3) પેલું ખેતર અનાજથી ભરેલું છે.

(4) અમારી ઑફિસમાં પચાસ કર્મચારીઓ કામ કરે છે.

(5) પ્રિયાને છેલ્લી પાટલી પર બેસવાનો શોખ છે.

(6) વાતમાં કંઈ દમ નથી.

(7) આપણું શહેર સંસ્કારી ગણાય છે.

(8) ખોડાં ઢોરને પાંજરાપોળમાં મૂકી આવવા જેવું જ કહેવાય ?

(9) વ્હાલાજીનું રૂપ મહાશુભકારી, રસિયા વિણ કેમ

(10) મળી જમતા ત્રણે ભ્રાત, મને કેમ વીસરે રે !

(11) મેં ઘણી ચા પીધી.

(12) બસ અકસ્માતમાં આશરે સાત વ્યક્તિઓને ઈજા થઈ હતી.

(13) મારા કારણે તેને અધિક લાભ થયો.

(14) એ તો આપણી પ્રિય રાષ્ટ્રીય રમત છે.

(15) બે ફૂટ આમેય નહીં ને પાંચ ફૂટ તેમેય નહીં

(16) મારે આટલું દૂધ જોઈએ.

| ક્રમ | વિશેષણ | પ્રકાર | ક્રમ | વિશેષણ | પ્રકાર |
|---|---|---|---|---|---|
| 1. | | | 9. | | |
| 2. | | | 10. | | |
| 3. | | | 11. | | |
| 4. | | | 12. | | |
| 5. | | | 13. | | |
| 6. | | | 14. | | |
| 7. | | | 15. | | |
| 8. | | | 16. | | |

**નીચે આપેલ સંજ્ઞાને યોગ્ય વિશેષણ સાથે જોડો.**

| સંજ્ઞા | વિશેષણ |
|---|---|
| (1) રોટલી | (1) ચતુર |
| (2) પરીક્ષા | (2) તાજી |
| (3) કાગડો | (3) કિંમતી |
| (4) વીંટી | (4) ઊગતો |
| (5) સૂર્ય | (5) સત્રાંત |
| (6) દીકરી | (6) આળસુ |
| (7) શેઠ | (7) વહાલી |

✍ **નીચેનાં ફકરાંમાંથી સંજ્ઞા અને વિશેષણ શોધો.**

શિયાળાની એક સવારે એ વખતના સ્વપ્નસેવી મહારાજ શ્રીમંત સયાજીરાવ આવા એક કોતરની ભેખડ પર એક-બે અંગરક્ષકો સાથે ઊભા હતા. પડખેના ગીરના જંગલમાંથી એક દીપડો આવવાના વાવડે એ આ તરફ ઊતરી આવ્યા હતા. થોડાક શિકારીઓ ગોરડ બાવળનાં જાળાં-ઝાંખરામાંથી નીચે કોતરમાં જેની કેડીએ સાવચેતીથી ઊતરતા હતા. એ બધા ગોરડની ઝાડીમાં દેખાતા બંધ થયા. મહારાજ દૂર દેખાતી ટેકરીએ દૂરબીન માંડીને જોતા હતા. ત્યાં કોતરમાંથી એક ખેડુ માણસે આવીને પ્રણામ કરી કંઈ ફળ ભેટ ધર્યાં.

| સંજ્ઞા | વિશેષણ |
| --- | --- |
| | |
| | |
| | |
| | |

# પ્રત્યય

'પ્રાકૃતિક', 'વેતરાણું', 'પરાધીનતા', 'ઉઘાડતા', 'નામંજૂર', 'નિઃસ્પૃહ' ઉપરના શબ્દો તપાસતા ખ્યાલ આવશે કે શબ્દના મૂળરૂપમાં વિવિધ ઘટકો જોડાયા છે. 'પ્રકૃતિ'માં 'ઈક' જોડાતા પ્રાકૃતિક શબ્દ બન્યો એ જ રીતે 'વેતર'માં 'આણું', અને 'પરાધીન', 'ઉઘાડ'માં 'તા', 'મંજૂર'માં 'ના', 'સ્પૃહ'માં નિઃ ઘટક તરીકે જોડાયા છે. શબ્દના મૂળ અંગમાં જોડાતા આવા ઘટકોને પ્રત્યય કહેવાય. અર્થાત્ શબ્દના મૂળ અંગ ધાતુ ને જે લાગે તેને 'પ્રત્યય' કહે છે. ઉપરના શબ્દો તપાસતા ખ્યાલ આવશે કે શબ્દનાં મૂળઅંગમાં આગળ પ્રત્યય જોડાયો છે તેમ પાછળ પણ જોડાયો છે. આવા શબ્દના મૂળ અંગમાં આગળ જોડાતા પ્રત્યયને 'પૂર્વ પ્રત્યય' અને પાછળ જોડાતા પ્રત્યયને 'પર પ્રત્યય' તરીકે ઓળખવામાં આવે છે. પ્રત્યય એ શબ્દના અર્થમાં વધારો કરે છે. જેમ કે, 'ગુણ' શબ્દ છે તેમાં 'સદ્' પ્રત્યય જોડતા સદ્ગુણ બને છે. અહીં ગુણ તો છે જ. પરંતુ વધુ સારો ગુણ છે એ બાબત દર્શાવવા પ્રત્યયની મદદ લેવામાં આવી છે.

- 'કાગળ લખતા મારી લેખણ ઝાલી નો રઈ.'
- 'બેપરવાઈથી ચાલ્યા આવતા સિંહ-સિંહણને જોઈ રહ્યા.'
- 'માતૃભાષાથી વિચારોનું આદાન પ્રદાન શક્ય બને છે.'
- 'મારે સારું આ અહિંસાનો પદાર્થપાઠ હતો.'
- 'આપણે વેપાર કરી પૈસાદાર થઈ શકીએ'
- 'પરીક્ષામાં ક્યારેક નિષ્ફળ પણ જવાય'

અહીં આપેલ વાક્યમાં કેટલાક શબ્દમાં પૂર્વ અને કેટલાક શબ્દમાં પર પ્રત્યય જોડાયેલા જોવા મળે છે. 'શક્તિમાન' શબ્દમાં 'માન' પ્રત્યય લાગતા તે વધુ શક્તિ ધરાવે છે. વધુ બળવત્તર અને બળવાન છે એવી સમજ સ્પષ્ટ કરે છે. 'પૈસાદાર' શબ્દમાં 'દાર' પ્રત્યય લાગતા તે વધુ પૈસા ધરાવે છે અઢળક પૈસો છે એવી સમજ આપોઆપ મળે છે. પ્રત્યયો ભાષાને વધુ અસરકારક - અભિવ્યક્તિનું માધ્યમ બનાવે છે. યાદ રાખીએ કે પ્રત્યયો મુક્ત ઘટકો નથી, તે સ્વતંત્ર રીતે એકલા વાપરી શકાતા નથી.

### ◆ પૂર્વ પ્રત્યય

'શબ્દના મૂળ અંગ ધાતુમાં પૂર્વે જે જોડાઈ તે પૂર્વ પ્રત્યય' એ આપણે જોયું હવે તેની વિશેષ સમજ મેળવીએ.

**✍ આપેલ શબ્દોમાંથી 'પૂર્વ' પ્રત્યય શોધો.**

ઉદાહરણ : 'કુબુદ્ધિ' શબ્દમાં પૂર્વ પ્રત્યય 'કુ' જોડાયેલ છે.

(1) વિદેહ : ________________ (3) અહિંસા : ________________

(2) પ્રતિષ્ઠા : ________________ (4) અપશુકન : ________________

**✍ આપેલ શબ્દોમાં 'પૂર્વ' પ્રત્યય જોડી નવો શબ્દ બનાવો.**

ઉદાહરણ : 'શિસ્ત' શબ્દમાં પૂર્વ પ્રત્યય 'અ' ઉમેરતા 'અશિસ્ત' શબ્દ બને છે.

(1) ફિકર : ____________  (4) સ્મિત : ____________

(2) સ્વાર્થ : ____________  (5) ભારતીય : ____________

(3) રસ્તો : ____________

**✍ શબ્દનાં મૂળરૂપમાં જુદા-જુદા પ્રત્યયો જોડી નવા શબ્દો બનાવો.**

ઉદાહરણ ગુણ : અવગુણ, નિર્ગુણ, સગુણ, સદ્‌ગુણ વગેરે

(1) ચિંત : નિશ્ચિંત : ____________ : ____________

(2) માન : અપમાન : ____________ : ____________

(3) જોડ : અજોડ : ____________ : ____________

(4) રસ : નિરસ : ____________ : ____________

(5) કાળ : દુષ્કાળ : ____________ : ____________

**✍ એક જ 'પૂર્વ' પ્રત્યયનો ઉપયોગ કરી શબ્દો બનાવો.**

ઉદાહરણ : 'ક' કસમય, કમોસમી, કમુરતા, કજોડુ વગેરે

(1) ગેર : ગેરસમજ : ____________ : ____________

(2) નિર : નિરભિમાન : ____________ : ____________

(3) દુર : સુદુર : ____________ : ____________

(4) ન : નખોદ : ____________ : ____________

(5) અતિ : અતિવૃષ્ટિ : ____________ : ____________

**✍ રોજિંદા જીવન વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા 'પૂર્વ' પ્રત્યયવાળા શબ્દોમાંથી વધુ ઉપયોગમાં લેવાતા હોય તેવા શબ્દો શોધી લખો.**

(1) ____________ ____________

(2) ____________ ____________

(3) ____________ ____________

(4) ____________ ____________

(5) ____________ ____________

### ◆ 'પર' પ્રત્યય

'શબ્દના મૂળ અંગ ધાતુમાં અંતે છેલ્લે જે જોડાઈ તે પર પ્રત્યય' એ આપણે આગળ જોયું હવે તેની વિશેષ સમજ મેળવીએ.

**✍ આપેલ શબ્દોમાંથી 'પર' પ્રત્યય શોધો.**

ઉદાહરણ : 'પથ' શબ્દમાં પર પ્રત્યય 'ઈક' જોડાતા 'પથિક' શબ્દ બન્યો છે.

(1) સાહસિક : ____________  (4) ધાર્મિકતા : ____________

(2) ઔષધીય : ____________  (5) નસીબદાર : ____________

(3) સુભાષિત : ____________

✍ **શબ્દનાં મૂળરૂપમાં જુદા-જુદા પ્રત્યયો જોડી નવો શબ્દ બનાવો.**

ઉદાહરણ સ્વભાવ : સ્વાભાવિક, સ્વાભાવિકપણું, સ્વાભાવિકતા વગેરે

(1) હોંશ : હોંશિલું : ________ : ________

(2) ગ્રંથ : ગ્રંથકાર : ________ : ________

(3) રસ : રસિક : ________ : ________

(4) હાર : પ્રતિહાર : ________ : ________

(5) પ્રાણ : નિષ્પ્રાણ : ________ : ________

✍ **એક જ 'પર' પ્રત્યયનો ઉપયોગ કરી શબ્દો બનાવો.**

ઉદાહરણ 'તા' : એકતા, જાગતા, ભાંગતા, પાડતા વગેરે

(1) 'ત' : દૈવત : ________ : ________

(2) 'ઈય' : રમણીય : ________ : ________

(3) 'ઈલ' : અખિલ : ________ : ________

(4) 'આશ' : ખારાશ : ________ : ________

(5) 'પણ' : ____ : ________ : ________

✍ **રોજિંદા જીવન વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા 'પર' પ્રત્યયવાળા શબ્દોમાંથી વધુ ઉપયોગમાં લેવાતા હોય તેવા શબ્દો શોધી લખો.**

(1) ________ (6) ________

(2) ________ (7) ________

(3) ________ (8) ________

(4) ________ (9) ________

(5) ________ (10) ________

✍ આપેલ કોષ્ટકમાંથી શબ્દયાદીમાં આપેલ શબ્દો શોધી તેમાં 'પૂર્વ' કે 'પર' પ્રત્યય જોડી બનેલા શબ્દો શોધો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રા | શ | ર | મા | ળ | પ્ર | અ |
| કૃ | પ | અ | બો | લ | કા | પ |
| તિ | ર | મ | લા | સ | શિ | મા |
| ક | ગા | ડું | વે | ણું | ત | ન |
| મ | મ | ટં | ચ | કુ | ટે | વ |
| જા | દુ | ગી | ના | ની | ર | વ |
| વિ | જ | ય | ર | લે | ખ | ણ |

(1) શરમ : ________________

(2) પ્રકૃતિ : ________________

(3) વેચ : ________________

(4) જય : ________________

(5) ટેવ : ________________

(6) માન : ________________

(7) પ્રકાશ : ________________

(8) રવ : ________________

(9) ગામ : ________________

# જોડણી

'નદીમાં <u>પાણી</u> છે'

'મારા હાથમાં <u>પાણિ</u> છે'

'પાણી <u>પીતા</u> તૃપ્તિ થઈ'

'દશરથ રામના <u>પિતા</u> હતા'

ઉપરના વાક્યમાં હસ્વ અને દીર્ઘ કરતા અર્થભેદ થતો જોવા મળે છે. પાણી એટલે જળ અને પાણિ એટલે હાથ આવી રીતે પ્રત્યેક શબ્દને બંધારણ હોય છે. ભાષાના લિખિત સ્વરૂપને વ્યક્ત કરવા માટે જે નિયમો, સિદ્ધાંતો લાગુ પાડવામાં આવે તેને 'જોડણી' કહે છે. ભાષામાં સાચી જોડણી જરૂરી છે.

ગૂણ - ગુણ, ચિર - ચીર, સુત - સૂત, ગ્રહ - ગૃહ આવા પ્રત્યેક શબ્દમાં જોડણીમાં ફેરફાર થાય છે. ખોટી જોડણીથી અર્થ બદલાય છે.

વિદ્યાર્થી - વિદ્યાર્થિની

શિવ - શિવાલય

ઈક્ષા - પરીક્ષા

ઉપર જણાશે 'વિદ્યાર્થી' - 'વિદ્યાર્થિની'માં લિંગ ભેદ થતો જોવા મળે છે. 'શિવાલય'માં 'શિવ' અને 'આલય' બંને શબ્દો જોડાયા છે. 'ઈક્ષા'માં 'પરિ' - પ્રત્યય લાગડતા અલગ અર્થ નિષ્પન્ન થાય છે.

બુદ્ધિ, મતિ, કીર્તિ અહીં અંત્ય શબ્દ હસ્વ છે. સંસ્કૃતમાંથી ઉતરી આવેલા મૂળ શબ્દો (તત્સમ શબ્દો)ની જોડણી યથાવત રહે છે.

**✍ નીચેના શબ્દોમાં ખૂટતો વર્ણ લખી શબ્દો બનાવો.**

(1) ની ______ : ______________ (4) પ ______ : ______________

(2) પ્રી ______ : ______________ (5) રી ______ : ______________

(3) ગ ______ : ______________

અંત્ય 'તિ' આવતા મૂળ શબ્દો હસ્વ થશે.

ખિલખિલાટ, ક્લિકિલાટ, હિલચાલ, હિમાલય, ગિરનાર અહીં પ્રથમ વર્ણ હસ્વ થયો છે. આવા ચારથી વધુ વર્ણ ધરાવતા શબ્દોમાં પ્રથમ વર્ણ હસ્વ થાય.

**✍ 'પૂર્વ' વર્ણ હસ્વ થતાં હોય મૂળ શબ્દ પરથી બનતા શબ્દોનાં ઉદાહરણો શોધો.**

(1) અન્ન : ______________ (4) ઈશ : ______________

(2) કલંક : ______________ (5) કૃતિ : ______________

(3) ઘર : ______________

'માળિયા', 'સિવાય', 'બિહામણું' આવા શબ્દોમાં જ્યાં જ્યાં અર્ધસ્વરો 'યા', 'વા' અને 'હા' આવતા હોય એ શબ્દોમાં પૂર્વ વર્ણ હસ્વ લખાય છે. જ્યારે 'માળીઆ', 'નડીઆદ' જેવા શબ્દોમાં 'આ' ની પૂર્વ દીર્ઘ છે. આવા શબ્દો દીર્ઘ લખાશે. આવા વધુ ઉદાહરણો શોધો.

| 'યા' | 'વા' | 'હા' | 'આ' |
|---|---|---|---|
| (1) ______ | (1) ______ | (1) ______ | (1) ______ |
| (2) ______ | (2) ______ | (2) ______ | (2) ______ |
| (3) ______ | (3) ______ | (3) ______ | (3) ______ |

ઘણા સર્વસામાન્ય શબ્દો આપણે વાપરીએ છીએ પરંતુ તેની સાચી જોડણી ખરેખર શી રીતે લખાઈ છે તેનો ખ્યાલ રાખતા નથી તે અંગે થોડા શબ્દો જોઈએ.

**આપેલ શબ્દોમાં ખરા શબ્દો √ અને ખોટા શબ્દો સામે × નિશાની કરો.**

(1) આર્યુવેદ ☐ (6) ચિઠ્ઠી ☐

(2) નિરીક્ષણ ☐ (7) પ્રતિનિધિ ☐

(3) વિચિત્ર ☐ (8) રુકામણી ☐

(4) જિંદગી ☐ (9) સિષોટી ☐

(5) પૂત્રવધુ ☐ (10) લીટી ☐

'નૈતિક' શબ્દમાં 'નીતિ' સાથે 'ઈક' પ્રત્યય જોડાયો છે. આવા 'ઈક', 'ઈકા', 'ઈત', 'ઈતા' જેવા પ્રત્યયોથી બનેલા બધા શબ્દોમાં અંત્ય વર્ણ હસ્વ લખાય. આવા દરેક પ્રત્યયવાળો શબ્દ શોધી લખો.

(1) 'ઈક' : ______ (3) 'ઈત' : ______

(2) 'ઈકા' : ______ (4) 'ઈતા' : ______

ઘણા સ્થાનોમાં ઉચ્ચાર ભેદનાં કારણે જોડણી ખોટી લખાય છે. ઉદાહરણ પત્થર - પથ્થર આવા ઉચ્ચાર ભેદથી જોડણી ખોટી થતી હોય તેવા શબ્દો શોધી લખો.

(1) ______

(2) ______

(3) ______

'કિશોર', 'શિયાળો' આ શબ્દો પુલિંગ છે પુલિંગ શબ્દમાં પૂર્વ વર્ણ હસ્વ થાય. પુલિંગ શબ્દોના ઉદાહરણ શોધી લખો.

(1) ______

(2) ______

(3) ______

✍ 'નદી', 'નારી', 'કેરી' આ શબ્દો સ્ત્રીલિંગ છે. સ્ત્રીલિંગ શબ્દમાં અંત્ય શબ્દ દીર્ઘ થાય છે.

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

'નદીમાં પૂર આવ્યું'

'પુર ભંગ કરશે અસર'

✍ અહીં પુર - પૂર હ્સ્વ 'ઉ' અને દીર્ઘ 'ઉ' થી અર્થભેદ થતો જોવા મળે છે. 'પુર' એટલે નગર અને 'પૂર' એટલે પ્રવાહ આવા વધુ શબ્દો શોધો.

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

'મે પેન્સિલની અણિ કાઢી'

'બચ્છી તિક્ષણ અણી હોય છે'

✍ અહીં અણિ - અણી બંનેનો અર્થ સમાન છે પરંતુ જોડણી અલગ અલગ થાય છે. આવા સમાન અર્થ ધરાવતા અને જોડણી ભેદ ધરાવતા શબ્દો શોધો.

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

✍ આપણે ત્યાં અન્ય ભાષાના શબ્દો ઉતરી આવેલ છે. તેમાં વર્તમાન સમયમાં હાલ અનેક અંગ્રેજી શબ્દો વાપરીએ છીએ. 'ઑફિસર', 'કૅન્ટિન' અહીં જોશો 'આ' વિવૃત લખાયેલ છે. તેનું ઉચ્ચારણ પહોળું છે. આવા અંગ્રેજી ભાષાના ઉચ્ચારણવાળાં વિવૃત શબ્દો શોધીને લખો.

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

(4) ______________________________

(5) ______________________________

✍ રોજિંદા જીવન વ્યવહારમાં આપણે ઘણાં અંગ્રેજી શબ્દો વાપરીએ છીએ તેમાંથી વધુ ઉપયોગમાં લેવાતા શબ્દો અહીં લખો.

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

(4) ______________________________

(5) ______________________________

✍ **નીચે કેટલાક શબ્દો આપેલ છે તેની સાચી જોડણી લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | ટિકીટ : | ____________ | (9) | યુનિવરસીટી : | ____________ |
| (2) | સમીતી : | ____________ | (10) | વિલીનીકરણ : | ____________ |
| (3) | તપશ્ચર્યા : | ____________ | (11) | પરાધીનતા : | ____________ |
| (4) | આર્શિવાદ : | ____________ | (12) | સાંદિપની : | ____________ |
| (5) | પરીગ્રહ : | ____________ | (13) | પરિચારિકા : | ____________ |
| (6) | પ્રાયશ્ચિત : | ____________ | (14) | પૂણ્યભૂમિ : | ____________ |
| (7) | પરિક્ષણ : | ____________ | (15) | અતીથિ : | ____________ |
| (8) | વીચીત્ર : | ____________ | | | |

- જોડણીના ઘણા નિયમો છે પરંતુ આપણે શુદ્ધ ઉચ્ચારણ કરી, શુદ્ધ લેખન થાય તેવા પ્રયત્ન કરી સાચી જોડણી લખવાનો આગ્રહ રાખશું.

જોડણી ભેદથી અર્થભેદ થતો હોય તેવા શબ્દો આપણે જાણીએ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | દિન | દિવસ | દીન | : | ગરીબ |
| (2) | રવિ | સૂર્ય | રવી | : | શિયાળું પાક |
| (3) | વધુ | વધારે | વધૂ | : | વહુ |
| (4) | સુર | દેવ | સૂર | : | અવાજ |
| (5) | વારિ | પાણી | વારી | : | ક્રમ |
| (6) | શિલા | પથ્થર | શીલા | : | ચારિત્ર્યવાન સ્ત્રી |
| (7) | ચિર | લાંબુ | ચીર | : | વસ્ત્ર, ફળનો ટુકડો |
| (8) | સુરત | શહેર | સૂરત | : | ચહેરો |
| (9) | રાશિ | ઢગલો, ગ્રહ | રાશી | : | ખરાબ |
| (10) | મતિ | બુદ્ધિ | | | |

# સંધિ

- **સંધિ એટલે શું ?**

બે શબ્દો જ્યારે જોડાય ત્યાં તેમના સ્વર-વ્યંજનમાં જે બદલાવ આવે તેને સંધિ કહે છે.

'સંધિ' એટલે બે શબ્દોનું જોડાણ

સુર + અસુર = સુરાસુર　　　　શિવ + આશિષ = શિવાશિષ

- **સંધિનાં પ્રકાર :**

ધ્વનિના સ્વરૂપને આધારે સંધિના ત્રણ પ્રકાર પડે છે.

(1) સ્વર સંધિ

(2) વ્યંજન સંધિ

(3) વિસર્ગ સંધિ

- **સ્વર સંધિ એટલે શું ?**

બે સ્વર સાથે મળતાં તેમાં જે વિકાર (પરિવર્તન) થાય તેને સ્વર સંધિ કહે છે.

**સ્વર સંધિના પ્રકાર**

↓ દીર્ઘસંધિ　↓ ગુણસંધિ　↓ વૃદ્ધિસંધિ　↓ યયાદિસંધિ　↓ યણસંધિ

**(1) દીર્ઘ સંધિ (સજાતીય સંધિ)**

બે સજાતીય સ્વરો (સમાન સ્વરો) જોડાતાં એક દીર્ઘ સ્વર બને.

**નિયમ : 1** અ / આ ની સાથે અ / આ આવે તો 'આ' થાય.

ઉદાહરણ :
અ + અ
અ + આ
આ + અ
આ + આ
} આ

સૂર્ય + અસ્ત (અ + અ = આ) = સૂર્યાસ્ત

સ્ + ઊ + ર્ + ય્ + અ + અ + સ્ + ત્ + અ
(અ + અ → આ)

અન્ય ઉદાહરણ :

- દેવ + આનંદ = દેવાનંદ (અ + આ ⇒ આ)
- રેખા + આકૃતિ = રેખાકૃતિ (આ + આ ⇒ આ)
- હિમ + અચલ = હિમાચલ (અ + અ ⇒ આ)

✍ **મિત્રો, તમે અ + અ નિયમ સમજી ગયા હશો ? તો નીચેના ઉદાહરણો સમજી સંધિ જોડો / છોડો. કૌંસમાં નિયમ લખવા.**

(1) વિદ્યાભ્યાસ = વિદ્યા + ☐ ( )

(2) ☐ = પુરુષ + અર્થ ( )

(3) સ્મરણાર્થે = ☐ + અર્થ ( )

(4) ☐ = સત્ય + આગ્રહ ( )

(5) હિમાલય = ☐ + આલય ( )

(6) વાતાવરણ = વાત + ☐ ( )

(7) વિદ્યાર્થી = ☐ + ☐ ( )

(8) ☐ = ચર + અચર ( )

**નિયમ : 2** ઇ / ઈ ની સાથે ઇ / ઈ આવે તો 'ઈ' (દીર્ઘ) બને.

ઉદાહરણ : ઇ + ઇ, ઇ + ઈ, ઈ + ઇ, ઈ + ઈ

હરિ + ઈશ (ઇ + ઈ = ઈ)

હ્ + અ + ર્ + ઇ + ઈ + શ્ = હ<u>રી</u>શ (ઇ + ઈ → ઈ)

અન્ય ઉદાહરણ :

- પરિ + ઈક્ષા = પ<u>રી</u>ક્ષા (ઇ + ઈ ⇒ ઈ)
- યોગી + ઈન્દ્ર = યો<u>ગી</u>ન્દ્ર (ઈ + ઈ ⇒ ઈ)

✍ **નીચેના ઉદાહરણો જુઓ.** **નિયમ**

(1) ગિરીશ = ☐ + ઈશ ( )

(2) ☐ રજની + ઈશ ( )

(3) રવીન્દ્ર = ☐ + ☐ ( )

(4) કવીશ્વર = ☐ + ઈશ્વર ( )

(5) ☐ = પ્રતિ + ઈક્ષા ( )

**નિયમ : 3** ઉ / ઊ ની સાથે ઉ / ઊ આવે તો 'ઊ' (દીર્ઘ) બને.

ઉદાહરણ :

| | |
|---|---|
| ઉ + ઉ<br>ઉ + ઊ<br>ઊ + ઉ<br>ઊ + ઊ | સુ + ઉક્તિ (ઉ + ઉ = ઊ)<br>↓ ↓<br>સ્ + ઉ ઉ + ક્ + ત્ + ઈ = સૂક્તિ<br>ઊ |

અન્ય ઉદાહરણ :

- સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ (ઉ + ઊ ⇒ ઊ)
- ભૂર્જિત = ભૂ + ઊર્જિત (ઊ + ઊ ⇒ ઊ)

**✍ નીચેના ઉદાહરણો જુઓ.** **નિયમ**

(1) [ ] = ભાનુ + ઉદય ( )

(2) વધૂર્મિ = [ ] + [ ] ( )

(3) સમુલ્લાસ = [ ] + ઉલ્લાસ ( )

(4) [ ] રઘુ + ઉત્તમ ( )

◆ **પ્રવૃત્તિ :**

'મહા + આત્મા' કરીએ તો 'મહાત્મા' થાય તે રીતે અન્ય શબ્દ બનાવો.




________ ________

________ ________

________ ________

**✍ નીચેની સંધિ છોડો / જોડો :**

(1) ન્યાય + અધીશ = ________ (5) મૂળ + અક્ષર = ________

(2) છાત્ર + આલય = ________ (6) પ્રતિ + ઈતિ = ________

(3) ચમૂલ્લાસ = ________ (7) યથાર્થ = ________

(4) કદાપિ = ________ (8) બહુ + ઊર્મિ = ________

**✍ કૌંસમાંથી સાચી સંધિ શોધો એક + અંત = (એકંત, અનંત, એકાંત)** [ ]

(1) શિવાલય = (શિવા + આલય, શિવ + અલય, શિવા + અલય) [ ]

(2) ચિંતા + આતુર = (ચિંતતુર, ચિતાતુર, ચિંતાતુર) [ ]

(3) સત્યાચરણ = (સત્યા + આચરણ, સત્ય + આચરણ, સત્યા + અચરણ) [ ]

(4) યોગીશ્વર = (યોગ + ઈશ્વર, યોગિ + ઈશ્વર, યોગી + ઈશ્વર) [ ]

(5) ગિરિ + ઈશ = (ગિરીશ, ગિરિશ, ગીરીશ) [ ]

(6) બહૂર્મિ = (બહૂ + ઉર્મિ, બહૂ + ઊર્મિ, બહુ + ઊર્મિ) [ ]

## (2) ગુણ સંધિ (વિજાતીય સંધિ)

અલગ - અલગ ઉચ્ચાર સ્થાનેથી ઉચ્ચારાતા સ્વરો એકબીજા સાથે જોડાય ત્યારે 'વિજાતીય સ્વર સંધિ' બને છે.

**નિયમ : 1** અ / આ પછી ઇ / ઈ આવે તો 'એ' બને.

ઉદાહરણ : અ + ઇ, આ + ઈ } એ

યોગ + ઈશ (અ + ઈ = એ)

↓ ↓

ય્ + ઓ + ગ્ + અ + ઈ + શ્ = યો<u>ગે</u>શ

(અ + ઈ → એ)

અન્ય ઉદાહરણ :

- ઉમા + ઈશ = ઉ<u>મે</u>શ (આ + ઈ ⇒ એ)
- નર + ઈશ = ન<u>રે</u>શ (અ + ઈ ⇒ એ)

**✍ નીચેના ઉદાહરણો જુઓ.** **નિયમ**

(1) [ ] = જ્ઞાન + ઈન્દ્ર ( )

(2) રમેશ = [ ] + ઈશ ( )

(3) સુરેન્દ્ર = સુર + [ ] ( )

(4) ગણેશ = [ ] + [ ] ( )

**નિયમ : 2** અ / આ પછી ઉ / ઊ આવે તો 'ઓ' બને.

ઉદાહરણ : અ + ઉ, આ + ઉ, અ + ઊ, આ + ઊ } ઓ

શરદ + ઉત્સવ (અ + ઉ = ઓ)

↓ ↓

શ્ + અ + ર્ + અ + દ્ + અ + ઉ + ત્ + સ + અ + વ્ = શર<u>દો</u>ત્સવ

(અ + ઉ → ઓ)

અન્ય ઉદાહરણ :

- સર્વ + ઉત્તમ = સર્વોત્તમ (અ + ઉ ⇒ ઓ)
- ગંગા + ઊર્મિ = ગંગોર્મિ (આ + ઊ ⇒ ઓ)

| ✍ નીચેના ઉદાહરણો જુઓ. | નિયમ |
| --- | --- |
| (1) ગંગોદક = ☐ + ☐ | ( ) |
| (2) ☐ = નવ + ઊઢા | ( ) |
| (3) સૂર્યોદય = સૂર્ય + ☐ | ( ) |

**નિયમ : 3** અ / આ 'ઋ' આવે તો 'અર્' બને.

ઉદાહરણ : અ + ઋ, આ + ઋ } અર્

સપ્ત + ઋષિ (અ + ઋ = અર્)

સ્ + અ + પ્ + ત્ + અ + ઋ + ષ્ + ઈ = સપ્તર્ષિ

(અ + ઋ → અર્)

અન્ય ઉદાહરણ :

- દેવ + ઋષિ = દેવર્ષિ (અ + ઋ ⇒ અર્)

| ✍ નીચેના ઉદાહરણો જુઓ. | નિયમ |
| --- | --- |
| (1) બ્રહ્મર્ષિ = ☐ + ☐ | ( ) |
| (2) ☐ = મહા + ઋષિ | ( ) |

◆ **પ્રવૃત્તિ :**

પ્રાણ + ઈશ્વર કરીએ તો 'પ્રાણેશ્વર' થાય તે રીતે અન્ય શબ્દ બનાવો.




______ ______ ______

______ ______ ______

**✍ નીચેની સંધિ છોડો / જોડો :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (1) | માનવેન્દ્ર | = | ____________ | () | પ્ર + ઈક્ષક | = | ____________ |
| (2) | મરણોત્સવ | = | ____________ | (6) | રાજા + ઋષિ | = | ____________ |
| (3) | તીર્થોત્તમ | = | ____________ | (7) | વિદ્યા + ઉપાસના | = | ____________ |

**✍ કૌંસમાંથી સાચી સંધિ શોધો.**

(1) નર + ઈન્દ્ર = (નારેન્દ્ર, નરેન્દ્ર, નરીન્દ્ર) [ ]

(2) પરોપકાર (પરા + ઉપકાર, પર + ઊપકાર, પર + ઉપકાર) [ ]

(3) વૃક + ઉદર = (વુકોદર, વૃકોદર, વૃકદર) [ ]

(4) દાનેશ = (દાન + એશ, દાના + ઇશ, દાન + ઈશ) [ ]

(5) સર્વ + ઉદય = (સર્વદય, સાર્વોદય, સર્વોદય) [ ]

(6) બહૂર્મિ = (બહૂ + ઉર્મિ, બહૂ + ઊર્મિ, બહુ + ઊર્મિ) [ ]

**(3) યણ સંધિ :**

ઇ / ઈ, ઉ / ઊ અને ઋ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો સ્વરમાં રૂપાંતર થવાને બદલે અનુક્રમે તેનું '[ય્, વ્, ર]' માં રૂપાંતર થાય છે, ને પાછળનો સ્વર ભળી જાય છે.

**નિયમ : 1** પરિવર્તન

| ઉદાહરણ : | | | પરિવર્તન |
|---|---|---|---|
| | ઈ + અ | } ય | ય |
| | ઈ + આ | | યા |
| | ઈ + એ | | યે |
| | ઈ + ઐ | | યૈ |
| | ઈ + ઓ | | યો |
| | ઈ + ઔ | | યૌ |

ઈતિ + આદિ (ઈ + આ = યા)

↓ ↓

ઇ + ત્ + ઇ + આ + દ્ + ઈ = ઇત્યાદિ

(ઇ + આ → યા)

અન્ય ઉદાહરણો :

- વિ + આયામ = વ્યાયામ (ઇ + આ ⇒ યા)
- પરિ + આવરણ = પર્યાવરણ (ઈ + આ ⇒ યા)
- પ્રતિ + એક = પ્રત્યેક (ઈ + એ ⇒ યે)

✍ **નીચેના ઉદાહરણો જુઓ.** **નિયમ**

| | | |
|---|---|---|
| (1) | ☐ = વિ + આખ્યા | ( ) |
| (2) | અગ્ન્યસ્ત્ર = ☐ + ☐ | ( ) |
| (3) | પ્રત્યક્ષ = પ્રતિ + ☐ | ( ) |
| (4) | ☐ + આકરણ = ☐ | ( ) |
| (5) | ☐ = અતિ + આચાર | ( ) |
| (6) | અભ્યાસ = ☐ + આસ | ( ) |

**નિયમ : 2** પરિવર્તન

ઉદાહરણ : ઇ + ઉ } ય — યુ

ઈ + ઊ } ય — યૂ

પ્રતિ + ઉત્તર (ઇ + ઉ = યુ)

પ્ + ર્ + અ + ત્ + ઇ + ઉ + ત્ + ત્ + ર = પ્રત્યુત્તર

(ઇ + ઉ → યુ)

અન્ય ઉદાહરણો :

- વિ + ઉત્પતિ = વ્યુત્પતિ (ઈ + ઉ ⇒ યુ)
- અતિ + ઉક્તિ = અત્યુક્તિ (ઇ + ઉ ⇒ યુ)

✍ **નીચેના ઉદાહરણો જુઓ.** **નિયમ**

| | | |
|---|---|---|
| (1) | ન્યૂન = નિ + ☐ | ( ) |
| (2) | વ્યુત્પન્ન = ☐ + ઉત્પન્ન | ( ) |
| (3) | અતિ + ઉત્તમ = ☐ | ( ) |

**નિયમ : 3 (વણ સંધિ)**

ઉ / ઊ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો તેનું ‘વ’ માં રૂપાંતર થાય છે અને પાછળનો સ્વર તેમાં ભળી જાય છે.

| ઉદાહરણ : | | | પરિવર્તન |
|---|---|---|---|
| | ઉ + અ | વ | વ |
| | ઉ + આ | વ | વા |
| | ઉ + ઇ | વ | વિ |
| | ઉ + ઈ | વ | વી |
| | ઉ + ઐ | વ | વૈ |
| | ઊ + આ | વ | વા |
| | ઊ + ઈ | વ | વી |
| | ઉ + એ | વ | વે |

સુ + આગત (ઈ + આ = યા)

સ્ + ઉ + આ + ગ્ + અ + ત્ = સ્વાગત

(ઉ + આ → વા)

અન્ય ઉદાહરણો :

- સુ + અલ્પ = સ્વલ્પ (ઉ + અ ⇒ વ)
- સુ + અચ્છ = સ્વચ્છ (ઉ + અ ⇒ વ)

**નીચેના ઉદાહરણો જુઓ.** **નિયમ**

(1) પૃથુ + ઈ = ______ ( )

(2) મન્વંતર = મનુ + ______ ( )

(3) ______ = સુ + અસ્થ ( )

(4) સ્વાનંદ = સુ + ______ ( )

(5) સાધ્વી = ______ + ______ ( )

(6) ______ મનુ + આદિ ( )

**નિયમ : 4**

‘ઋ’ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો તેનું ‘ર’માં રૂપાંતર થાય.

ઋ + અ = ર

ઋ + આ = રા

ઉદાહરણ : માતૃ + અર્થ = માત્રર્થ

માતૃ + આજ્ઞા = માત્રાજ્ઞા

**નીચેના ઉદાહરણો જુઓ.** **નિયમ**

(1) પિત્રર્થ = [ ] + [ ] ( )

(2) પિત્રાદેશ = પિતૃ + [ ] ( )

(3) [ ] = પિતૃ + આજ્ઞા ( )

**(4) યયાદિ સંધિ :**

એ, ઐ, ઓ, ઔ... પછી વિજાતીય સ્વર આવે તો અનુક્રમે અય, અવ, આય્, આવ્... બને છે.

**(1)** એ + અ = અય્

ઉદાહરણ : શે + અન (એ + અ = અય્)

શ્ + એ + અ + ન્ = શયન

અય

**નીચેના ઉદાહરણો જુઓ.**

(1) નયન = ને + [ ]

(2) [ ] = ચે + અન

**(2)** ઓ + અ = અવ

ઉદાહરણ : ભો + અન

ભ્ + ઓ + અ + ન્ = ભવન

અવ્

**નીચેના ઉદાહરણો જુઓ.**

(1) પવન = પો + [ ]

(2) શ્રવણ = [ ] + [ ]

**(3)** ઐ + એ = આય

ઉદાહરણ : ગૈ + અન

ગ્ + ઐ + અ + ન્ = ગાયન

અવ્

✍ **નીચેના ઉદાહરણો જુઓ.**

(1) નૈ + અક = ☐

(2) લાયક = ☐ + અક

**(3)** ઔ + અ / ઈ = આવ્

ઉદાહરણ પૌ + અક

પ્ + ઔ + અ + ક્ = પાવક

(ઔ + અ → આવ્)

✍ **નીચેના ઉદાહરણો જુઓ.**

(1) પાવન = ☐ + અન

(2) નાવિક = નૌ + ☐

✍ **નીચેની સંધિ જોડો / છોડો.**

(1) ગૈ + અક = ____________ (4) ગાયિકા = ____________

(2) નૈ + ઈકા = ____________ (5) શ્રૌ + અન = ____________

(3) યવન = ____________ (6) શ્રાવિકા = ____________

◆ **વ્યંજન સંધિ :**

→ વ્યંજન સાથે વ્યંજન કે સ્વર જોડાય ત્યારે 'વ્યંજન સંધિ' બને છે.

→ વ્યંજન સંધિ શીખવા વ્યંજન વર્ગ કોષ્ટકનો અભ્યાસ જરૂરી બને છે.

| વર્ગ | પ્રકાર | સ્પર્શ વ્યંજનો | અનુનાસિકો |
|---|---|---|---|
| ક | કંઠ્ય | ક્, ખ્, ગ્, ઘ | ઙ્ |
| ચ | તાલવ્ય | ચ, છ, જ, ઝ | ઞ્ |
| ટ | મૂર્ધન્ય | ટ્, ઠ, ડ્, ઢ | ણ |
| ત | દંત્ય | ત, થ, દ, ધ | ન્ |
| પ | ઓષ્ઠ્ય | પ, ફ, બ, ભ | મ્ |

◆ **'ત્' વર્ગના નિયમ :**

→ 'ત્' વર્ગના વ્યંજન પછી 'લ્' વ્યંજન આવે તો 'ત્' વર્ગના વ્યંજનને બદલે 'લ્' વ્યંજન મૂકાય છે.

તત્ + લીન = તલ્લીન

(ત્ + લ → લ્લ) ——— બેવડાય

✍ **અન્ય ઉદાહરણો જુઓ.**

(1) વિદ્યુત્ + લેખા = [ ]

(2) ઉત્ + લંઘન = [ ]

(3) [ ] + લેખ = ઉલ્લેખ

→ 'ત્' વર્ગના વ્યંજન પછી 'જ' વ્યંજન આવે તો 'ત્' વર્ગના વ્યંજન (ત, થ, દ, ધ) ના બદલે 'જ્' વ્યંજન મૂકાય છે.

સત્ + જન = સજ્જન

જ્જ ——— બેવડાય

✍ **અન્ય ઉદાહરણો જુઓ.**

(1) ઉજ્જડ = [ ] + જડ

(2) જગત્ + [ ] = જગજ્જનની

→ 'ત્' વર્ગના વ્યંજન પછી 'ચ' / 'છ' વ્યંજન આવે તો 'ત્' વર્ગના વ્યંજનની 'ચ' વ્યંજન મૂકાય છે.

ઉત્ + છેદ = ઉચ્છેદ

ચ્

✍ **અન્ય ઉદાહરણો જુઓ.**

(1) ઉચ્ચાર = [ ] + ચાર

(2) ઉત્ + [ ] = ઉચ્ચાલન

◆ **વ્યંજન સંધિના અન્ય નિયમો :**

→ પ્રથમ પદને અંતે 'ચ્, જ, શ્' આવે તો 'ક્' બને છે.

વાચ્ + પતિ = વાક્પતિ

દિશ્ + પાલ = દિક્પાલ

→ પ્રથમ પદને અંતે 'ષ્' આવે તો તેનો 'ડ્' થાય છે.

ષષ્ + આનન = ષડાનન

ષષ્ + રિપુ = ષડ્રિપુ

→ પ્રથમ પદને અંતે 'ટ્' આવે તો તેનો ત્રીજો વ્યંજન 'ડ' થાય છે. (કોષ્ટક જોવું)

ષટ્ + યંત્ર = ષડ્યંત્ર

ષટ્ + રિપુ = ષડ્રિપુ

→ પ્રથમ પદને અંતે 'ક' આવે તો તેનો ત્રીજો વ્યંજન 'ગ' થાય છે.

દિક્ + અંત = દિગંત

દિક્ + દર્શક = દિગ્દર્શક

→ પ્રથમ પદને અંતે 'ઋ' / ષ આવે અને તેની પછી ન આવે તો તેનો 'ણ' થાય છે.

કૃષ્ + ન = કૃષ્ણ

ઉષ્ + ન = ઉષ્ણ

→ 'મ્' વ્યંજન પછી કોઈ પણ વ્યંજન આવે તો 'મ્' વ્યંજનના સ્થાને અનુસ્વાર મૂકાય છે.

સમ્ + બંધ = સંબંધ

સમ્ + સાર = સંસાર

→ કોઈ પણ વર્ગના પ્રથમ વ્યંજન પછી અનુનાસિક વ્યંજન (ઙ્, ઞ્, ણ્, ન્, મ્) આવે તો તે વ્યંજનના બદલે તે વર્ગનો અનુનાસિક વ્યંજન મૂકાય છે.

વાક્ + મય = વાઙ્મય ('ક' વર્ગનો અનુનાસિક ઙ્)

સત્ + નારી = સન્નારી ('ત્' વર્ગનો અનુનાસિક ન્)

**નીચેની સંધિ છોડો / જોડો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | તૃષ + ન = ________ | | (5) | ઉચ્ચાલન = ________ | |
| (2) | દિગ્ગજ = ________ | | (6) | સંદેશ = ________ | |
| (3) | સમ્ + વાદ = ________ | | (7) | ષટ્ + અંગ = ________ | |
| (4) | ઉત્ + લેખ = ________ | | (8) | જગત્ + નાથ = ________ | |

◆ **વિસર્ગ સંધિ :**

વિસર્ગ સાથે સ્વર કે વ્યંજન જોડાય અને જે સંધિ બને તેને 'વિસર્ગ સંધિ' કહે છે.

→ વિસર્ગ ધરાવતા 'નિ :' પ્રત્યય પછી 'ર' ધ્વનિ આવે તો 'ની' દીર્ઘ થાય છે અને વિસર્ગનો લોપ થાય છે.

નિ : + રોગ = નીરોગ

નિ : + રસ = નીરસ

→ વિસર્ગ પછી 'ચ્, છ, શ' ધ્વનિ હોય તો વિસર્ગનો 'શ્' થાય.

નિ : + ચિંત = નિશ્ચિંત

મન : + ચક્ષુ = મનશ્ચક્ષુ

→ વિસર્ગ પછી 'ત્' આવે તો વિસર્ગનો 'સ્' થાય છે.

નિ : + તેજ = નિસ્તેજ

દુ : + તર = દુસ્તર

→ વિસર્ગ પહેલાં 'અ / આ' સિવાયના અન્ય કોઈ પણ સ્વર હોય અને વિસર્ગ પછી અન્ય કોઈ પણ સ્વર કે ઘોષ ધ્વનિ હોય તો વિસર્ગનો 'ર્' થાય છે.

નિ : + ધન = નિર્ધન

નિ : + આહાર = નિરાહર

→ વિસર્ગ પહેલા 'અ' સ્વર અને પછી 'અ' સ્વર અથવા અન્ય કોઈ પણ ઘોષ વ્યંજન હોય તો વિસર્ગનો 'ઓ' થાય.

અધ : + ગતિ = અધોગતિ

મન : + રથ = મનોરથ

→ વિસર્ગ પછી શ્, ષ્, સ્ વ્યંજન આવે તો વિસર્ગ એમનો એમ જ રહે છે.

નિ : + સત્વ = નિઃસત્વ

નિ : + સંતાન = નિઃસંતાન

→ વિસર્ગની પહેલાં ઇ / ઉ હોય અને પછી ક્, ખ, પ, ફ વ્યંજન આવતા હોય તો વિસર્ગનો 'ષ્' થાય છે.

નિ : + કાર્ય = નિષ્કાર્ય

નિ : + ફળ = નિષ્ફળ

નિ : + પ્રાણ = નિષ્પ્રાણ

**નીચેના શબ્દોની સંધિ છોડો / જોડો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | નિષ્કંપ | = ____________ | (4) | નમસ્તે | = ____________ |
| (2) | નિ : + ચલ | = ____________ | (5) | મનઃ + હર | = ____________ |
| (3) | દુ : + શાસન | = ____________ | (6) | નીરવ | = ____________ |

# રવાનુકારી અને દ્વિરુકત પ્રયોગો

- 'આગ ભડભડ બળે છે'
- 'માખીઓ બણબણાટ ઊડે છે'
- 'ગાંધીજી ઊંચનીચના ભેદમાં માનતા નહોતા'
- 'આખી દુનિયામાં ગામેગામ વાઈરસની મહામારી ફેલાઈ'

ઉપરના વાક્યમાં 'ભડભડ', 'બણબણાટ' શબ્દમાં ધ્વનિનું અનુસરણ થતું જોવા મળે છે. ભાષામાં થતાં આવા શબ્દ પ્રયોગો રવાનુકારી છે જ્યારે 'ઊંચનીચ', 'ગામેગામ' શબ્દમાં શબ્દ - બેવડાતો જોવા મળે છે આવા શબ્દો દ્વિરુકત (બે વખત કહેવાયેલ) તરીકે ઓળખાય છે. હવે, આપણે વિશેષ જાણકારી મેળવીએ.

## રવાનુકારી શબ્દ પ્રયોગો

'એ... ઈ... કહળસંગ ભાઈ !'

'ભૂંગોળ ફૂંકાય અને શરૂ થાય તા... તા... થૈ... થૈ... તુરુ... તુહુ...'

'હું... આ તારાથી મોટો શું કરે છે'

ઉપરના વાકયો ઈ... તા... થૈ... હું... વગેરેમાં ધ્વનિનું પુનરાવર્તન થતું જોવા મળે છે. 'ધ્વનિ એટલે રવ' - એક રવ પાછળ તેના જેવો જ બીજો રવ, નાદ સાથે બેવડાતો સંભળાય છે. નાદનું અનુસરણ થાય છે આવા 'રવ' (અવાજ)નું અનુસરણ થતું હોય તેને રવાનુકારી કહે છે.

**✍ આપેલ વાક્યમાંથી રવાનુકારી શબ્દ શોધો.**

(1) 'સન્‌ન્‌ન્‌ન્ કરતો તોપનો ગોળો છૂટેલો.' (1) ____________

(2) 'અરેરે... કારુણ્ય.' (2) ____________

(3) 'હે... મેણા મારીને મારી મતિ સુધારી.' (3) ____________

(4) 'સિસોટીનો અવાજ સીઈઈ... આવે.' (4) ____________

(5) 'મંદિરમાં ટન્‌ન્‌ન્‌ન્ ઘંટારવ થયો.' (5) ____________

**✍ આપેલ વાક્યમાં યોગ્ય રવાનુકારી શબ્દ લખી વાક્ય પૂરું કરો.**

(1) ઘડિયાળ .............. અવાજ કરે છે. (1) ____________

(2) ઘંટીનો અવાજ .............. આવે છે. (2) ____________

(3) શાળામાં બેલ .............. રણકે છે. (3) ____________

(4) ચકલી બોલે .............. . (4) ____________

(5) સાઈકલ ચાલે .............. . (5) ____________

**નીચેના ચિત્ર પરથી રવાનુકારી શબ્દ શોધો.**

(1)  : ______________

(3)  : ______________

(1)  : ______________

(4)  : ______________

(2)  : ______________

**નીચે આપેલ કોષ્ટકમાંથી રવાનુકારી શબ્દ શોધી, આપેલ વાક્યની ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| ધ | મ | ચૂં | દ | પ |
| મ | ઘૂં | ચૂં | ડ | ટ |
| ધ | બ | ઘૂં | બ | પ |
| મ | ર | ગ | ડ | ટ |
| છ | ન્ | ન્ | ન્ | પ |

(1) ઉંદર બોલે ______________

(2) ઘોડાના દાબલાથી થતો અવાજ ______________

(3) બંદુકની ગોળી ______________ છૂટે.

(4) નળના ટપકતા પાણીનો અવાજ ______________ આવે.

(5) કબૂતરોનું ______________

(6) ઢોલનો અવાજ ______________

(7) ચપટી વાગે ______________

**આપેલ વાક્ય પરથી રવાનુકારી શબ્દ શોધો.**

(1) ઘમ્મર વલોણું અવાજ કરે : ______________

(2) ચકડોળ ફરે : ______________

(3) કાગડો બોલે : ______________

(4) બિલાડી બોલે : ______________

✍ **રોજિંદા વ્યવહારમાં બોલાતા શબ્દોમાંથી સૌથી વધુ વખત બોલાતા રવાનુકારી શબ્દોને લખો.**

(1) ____________________

(2) ____________________

(3) ____________________

(4) ____________________

(5) ____________________

(6) ____________________

## દ્વિરુકત શબ્દ પ્રયોગો

'ખળખળ જતા પાણીમાં અમે આખા ગોંદરે વેરાઈ જઈએ'

'બાની નજર પતંગિયાની જેમ ઊડ ઊડ કરતી'

'આપણે તો બબ્બેની સોડ તાણીને... ઘરડ... ઘરડ...'

'તારી નોટના પાના કેવા લીસાં-લીસાં છે'

'આખી સભા વાહવાહ પોકારે છે'

'બિરબલ મરકમરક હસવા લાગ્યા'

ઉપરના વાકયોને ધ્યાનથી તપાસતા ખ્યાલ આવશે કે 'ખળખળ', 'ઊડઊડ', 'ઘરડ... ઘરડ...', 'લીસાં-લીસાં', 'વાહવાહ', 'મરક મરક' શબ્દો બેવડાતા જોવા મળે છે. ધ્વનિના ઉચ્ચારણ સાથે શબ્દનું પુનરાવર્તન થતું જોવા મળે છે. ધ્વનિ જ્યાં બેવડાતો હોય તેવા શબ્દોને 'દ્વિરુકિત' કહે છે. 'દ્વિ' એટલે બે વખત અને 'ઉક્ત' એટલે કહેવાયેલું. અહીં ફરી ફરી શબ્દ બેવડાય છે ભાષાની અભિવ્યક્તિની અસરકારક બને તે માટે દ્વિરુકત શબ્દપ્રયોગોનો ઉપયોગ થાય છે. ભાષાને લયયુક્ત બનાવવા અને અર્થસભર બનાવવા દ્વિરુકત શબ્દોનો ઉપયોગી છે.

✍ **નીચે આપેલ વાક્યમાં દ્વિરુકત શબ્દ પ્રયોગ શોધો.**

(1) 'બા હાંફળી ફાંફળી દોડી.'

(2) 'વાહ વાહ ! વાહ વાહ !.'

(3) 'ગલૂડિયાં હારે ગડબડ ગડબડ વાતો કરતાં જાય.'

(4) 'બારી પાસે બેસી વાંચુ છું ત્યારે સોનચંપાના ફૂલો. ટગર ટગર જુવે છે.'

(5) 'આશ્રમના વૃક્ષોને પાણી બાણી પાઓ છો.'

✍ **દ્વિરુકત શબ્દ મૂકી વાક્ય પૂર્ણ કરો.**

(1) 'સૌના પેટમાં ____________ થતું હતું.'

(2) 'ગલૂડિયા હારે કંઈક ____________ વાતો કરતા જાય.'

(3) '____________ છ' એમ બોલતાં બોલતાં તેણે છેવટે કહી નાંખ્યું.

(4) 'હું કહીને ____________ થતો ભાગ તો.'

(5) 'ઠંડી રેતીમાં ____________ ઊંધી ગયાં.'

✍ આપેલ શબ્દ વિગ્રહ પરથી દ્વિરુક્ત શબ્દો તૈયાર કરો.

(1) સતત બોલબોલ કર્યા કરવું તે : ______________

(2) ખરી હકીકત મોઢામોઢ કહેવી તે : ______________

(3) હથોડાના પ્રહારથી થતો અવાજ : ______________

(4) બે આંગળી વડે ચપટી વાગે : ______________

(5) કોરોના વાઈરસથી બચવા હાથ વારંવાર ધોવા તે : ______________

✍ આપેલ દ્વિરુક્ત શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

(1) ફટાફટ : ______________________________________________

(2) ભાગભાગ : ______________________________________________

(3) ચપોચપ : ______________________________________________

(4) દડદડ : ______________________________________________

✍ આપેલ કોષ્ટકમાંથી દ્વિરુક્ત શબ્દો આપેલા છે તે શોધી ફરતે ◯ વર્તુળ કરો અને યાદી બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| ઝ | હ | ક | હ | ક |
| મ | નો | મ | ન | ચ |
| ઝ | ળ | હ | ળ | ક |
| મ | ર | મ | ર | ચ |
| દો | ડા | દો | ડી | ક |

શબ્દ યાદી :

(1) ______________

(2) ______________

(3) ______________

(4) ______________

(5) ______________

(6) ______________

(7) ______________

✍ રોજિંદા વ્યવહારમાં બોલાતા શબ્દોમાંથી સૌથી વધુ વખત બોલાતા શબ્દોને યાદ કરીને લખો.

(1) ______________________________________________

(2) ______________________________________________

(3) ______________________________________________

(4) ______________________________________________

(5) ______________________________________________

# અલંકાર

'અલંકાર' શબ્દનો સામાન્ય અર્થ ઘરેણું, આભૂષણ એવો થાય છે. આભૂષણોથી દેહ દીપી ઊઠે તેમ શબ્દોના વિવિધ અલંકારોથી સાહિત્યની અભિવ્યક્તિ વધુ અસરકારક અને આકર્ષક બને છે.

અલંકારના બે પ્રકાર પડે છે.

(1) શબ્દાલંકાર (2) અર્થાલંકાર

શબ્દાલંકાર : શબ્દની ચમત્કૃતિ પર આધારિત અલંકાર

અર્થાલંકાર : અર્થની ચમત્કૃતિ સર્જાવી હોય તેવા અલંકાર

સૌ પ્રથમ આપણે ઉપમેય અને ઉપમાન વિષે જાણીએ. જુમો ગાંડાની જેમ દોડ્યો.

❖ **અર્થાલંકારના પ્રકાર :**

| | |
|---|---|
| (1) કોની સરખામણી થઈ રહી છે ? | |
| (2) કોની સાથે સરખામણી થઈ રહી છે. | |

ઉપમેય : જેની સરખામણી થતી હોય તે

ઉપમાન : જેની સાથે સરખામણી થતી હોય તે

તમે ધોરણ ૮ માં ઉપમા અલંકાર વિશે શીખી ગયા છો ? ચાલો, તેનું પુનરાવર્તન કરી લઈએ.

- **ઉપમા :**

ભગતનો અવાજ જોયો હોય તો વાંસળી જેવો.

મહારાજ મીઠાં લીંબુ જેવાં બોરને જોઈ રહ્યા.

જાતવાન પદમડી ચોમાસાના પાણીની માફક આગળ વધતી ગઈ.

ઉપરોક્ત વાક્યમાં ભગતના અવાજની સરખામણી વાંસળી સાથે, બોરની મીઠા લીંબુ અને પદમડીની ચોમાસાના ઝપટાભેર વરસતા પાણી સાથે સરખામણી કરવામાં આવી છે.

તો મિત્રો પ્રથમ વાક્યમાં ભગતનો અવાજ ઉમેય કહેવાય અને વાંસળી - ઉપમાન છે.

ઉપમેયની ઉપમાનની સાથે સરખામણી કરવામાં આવે ત્યારે ઉપમા અલંકાર બને છે.

**યાદ રાખો :** ઉપમા અલંકાર સૂચવતા શબ્દો :

જેવો, સરખો, સમો, માફક, પેઠે, શો, જેમ, જેવડો, તુલ્ય, સમોવડું.....

અન્ય ઉદાહરણ : → દવાખાનું પાંજરાપોળ જેવું હશે.

→ આ તમારા દીકરા જેવો મને પણ ગણજો.

✍ **ઉપમા અલંકારનાં ત્રણ ઉદાહરણ શોધીને લખો.**

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

- **ઉત્પ્રેક્ષા :**

હૈયું જાણે હિમાલય.

હોડી જાણે આરબઘોડી.

પ્રથમ વિધાનમાં ઉપમેય [ ] અને ઉપમાન [ ] .

બીજા વિધાનમાં ઉપમેય તરીકે [ ] અને ઉપમાન [ ].

ખૂબ સરસ ! હવે ઉપમેય જાણે ઉપમાન હોય તેવી સંભાવના, તર્ક કે કલ્પનાનું સૂચન કરવામાં આવ્યું હોય, પરંતુ વાસ્તવિકના હોય ત્યારે 'ઉત્પ્રેક્ષા' અલંકાર બને છે.

**યાદ રાખો :** જાણે, રમેશ કે શબ્દો ઉત્પ્રેક્ષા અલંકારનું સૂચન કરે છે.

અન્ય ઉદાહરણ : → વર તો જાણે બાવળિયાનો ઠુંઠો રે !

→ પ્રિયાનું મુખ જાણે પૂનમનો ચાંદ !

✍ **ઉત્પ્રેક્ષા અલંકાર દર્શાવતાં વાક્યો શોધીને લખો.**

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

- **રૂપક અલંકાર :**

બપોર એક મોટો શિકારી કૂતરો છે.

અહીં બપોર [ ] અને કૂતરું [ ] છે. બંને વચ્ચે એકરૂપતા કે અભેદ દર્શાવ્યો છે ? હા / ના ? [ ]

તો દોસ્તો જ્યારે વાક્યમાં ઉપમેય અને ઉપમાનને જુદા ન ગણતાં બંનેને એકરૂપ કે અભેદ દર્શાવવામાં આવે ત્યારે 'રૂપક અલંકાર' બને છે.

અન્ય ઉદાહરણ : (1) સત્ય એ જ પરમેશ્વર

(સત્ય = ઉપમેય, પરમેશ્વર = ઉપમાન)

→ સત્ય અને પરમેશ્વર બંનેને જુદા ગણ્યા નથી.

(2) માગશર મહિનો અમરતકાકીનો આરાધ્ય દેવ બની ગયો.

રૂપક અલંકારમાં રૂપી, કેરી, એટલે, એ જ .... શબ્દો પ્રયોજાય છે. રૂપક અલંકાર ષષ્ઠી વિભક્તિના પ્રત્યયો - નો, ની, નું, ના થી જોડાયેલ હોય છે.

ઉદાહરણ : → હાસ્ય જીવનનું લૂણ છે.

→ ચર્ચા લોકશાહીનો પ્રાણ છે.

**✍ રૂપક અલંકાર દર્શાવતાં વાક્યો શોધીને લખો.**

(1) ______________________

(2) ______________________

(3) ______________________

- **મનોયત્ન :**

**✍ નીચેની પંક્તિઓના અલંકાર પ્રકાર જણાવો.**

(1) એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો.

(2) હસે ભારે જાણે સાવ બાળક જેવું.

(3) તરંગ ગિરિમાળ શા હૃદય ઉપરે આથડ્યા.

(4) પહેલાંની પેઠે એ મારી સાથે ગેલ કરતી નથી.

(5) અને અમૃત જેવું પાણી પણ પાતી.

(6) બળતા અંગાર સમી તેણે આંખો સ્થિર કરી.

(7) ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો.

(8) આ ડાળડાળ જાણે કે રસ્તા વસંતના !

- **શબ્દાલંકારના પ્રકાર :**

(1) વર્ણાનુપ્રાસ / વર્ણસગાઈ

(2) શબ્દાનુપ્રાસ

(3) પ્રાસસાંકળી

(4) અંત્યાનુપ્રાસ

**(1) વર્ણાનુપ્રાસ / વર્ણસગાઈ :**

કામિની કોકિલા કેલિ કૂજન કરે.

પ્રભાશંકર પાણી પીવા પાણિયારા પાસે ગયા.

ઉપરનાં વાક્યોમાં 'ક', 'પ' વર્ણનું પુનરાવર્તન જોવા મળે છે. તો જ્યારે વાક્ય કે પંક્તિમાં એકનો એક વર્ણ બે કે તેથી વધુ વખત પુનરાવર્તન પામે ત્યારે વર્ણાનુપ્રાસ / વર્ણસગાઈ અલંકાર બને છે.

ઉદાહરણ : (1) ભૂખથીય ભૂંડી ભીખ છે. ('ભ' વર્ણનું પુનરાવર્તન)

(2) સાંકડી શેરીમાં સસરા સામા મળ્યા. ('સ' વર્ણનું પુનરાવર્તન)

(3) મીઠાં મધુને મીઠા મેહુલા રે લોલ. ('મ' વર્ણનું પુનરાવર્તન)

**✍ વર્ણાનુપ્રાસ અલંકારના ત્રણ ઉદાહરણ બનાવો.**

(1) ____________________

(2) ____________________

(3) ____________________

**(2) શબ્દાનુપ્રાસ / યમક :**

હવે રંગ, બની તંગ. મચાવી જંગ પિયોજી ભંગ.

માયાની છાયામાંથી કાયાને મુક્ત કરવા ગોવિંદરાયની માયા કરો.

ઉપરોક્ત વાક્યોમાં પ્રયોજાયેલા શબ્દોના ઉચ્ચારણ પ્રક્રિયા એકસરખી થતી હોય તેવું લાગે છે. વાક્યમાં શબ્દોના ઉચ્ચર એકસરખા થતાં હોય ત્યારે શબ્દાનુંપ્રાસ અલંકાર બને છે.

યામિની વ્યોમસર માંહે સરતી.

અહીં 'સર' નો ઉલ્લેખ બે વખત થયો છે. ઉચ્ચાર સરખો છે પણ અર્થ જુદા બને ત્યારે 'યમક અલંકાર' બને છે.

અહીં સર - સરોવર

- સરકવું

અન્ય ઉદાહરણ :

(1) અખાડામાં જવાના મેં ઘણીવાર અખાડા કર્યા છે.

કુસ્તીનું મેદાન → ઉચ્ચાર સરખા ← બહાનાં બતાવવા

અર્થ જુદા

(2) તપેલી તો તપેલી છે.

**✍ શબ્દાનુપ્રાસ અલંકારના ત્રણ ઉદાહરણ શોધીને લખો.**

(1) ____________________

(2) ____________________

(3) ____________________

**(3) પ્રાસ સાંકળી :**

વિદ્યા ભણિયો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો.

અહીં સરખા પ્રાસવાળા શબ્દો કયા છે ? 'જેહ', 'તેહ' બરાબર ને ! હવે તે વાક્યમાં કયો પ્રયોજાયેલા છે. પ્રથમ પંક્તિના છેડે ને બીજા ચરણની શરૂઆતે જોડાયેલા છે.

જ્યારે પ્રથમ પંક્તિના છેડે, બીજા ચરણની શરૂઆત પ્રાસ રચાય ત્યારે પ્રાસ સાંકળી અલંકાર બને છે.

ઉદાહરણ : (1) પ્રેમ પદારથ અમે પામીએ, વામીએ જન્મ મરણ જંજાળ

(2) મહેતાજી નિશાળે આવ્યા, લાવ્યા પ્રસાદને કર્યો ઓચ્છવ.

**✍ પ્રાસસાંકળી અલંકારનાં ત્રણ ઉદાહરણ બનાવો.**

(1) ____________________

(2) ____________________

(3) ____________________

**(4) અંત્યાનુપ્રાસ :**

જો જો રે મોટાના બોલ

ઉજ્જડ ખેડે બાજયું ઢોલ

તમે જોઈ શકો છે કે પ્રાસ ક્યાં રચાયો છે ? વાક્યને અંતે ! જ્યારે વાક્યને અંતે સરખા ઉચ્ચારવાળા શબ્દો આવે ત્યારે અંત્યાનુપ્રાસ અલંકાર બને છે.

(1) જેની જશોદા માવલડી
ચરાવે ગોકુળ ગાવલડી

(2) પાનેપાને પોઢી રાત
તળાવ જંપ્યું કહેતાં વાત

**✍ અંત્યાનુપ્રાસ અલંકારનાં ત્રણ ઉદાહરણ લખો.**

(1) ____________________

(2) ____________________

(3) ____________________

- **મનોયત્ન :**

**✍ નીચેની પંક્તિઓના અલંકાર પ્રકાર ઓળખાવો.**

(1) કૃતવર્માએ કવચ કાપ્યું

(2) આ છે શા તુજ હાલ સુરત સોનાની મૂરત

(3) સુભદ્રાને સીમંત આવિયું, ભાવિયું સર્વ સાથ

(4) વા વાયોને નળિયું ખસ્યું
એ જોઈને કૂતરું ભસ્યું

(5) ગાયક ન લાયક તું ફોગટ ફુલાણો છે

(6) ફાગણે ફૂલડાં ફોરમ ફોરાવે

(7) ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો.

(8) આ ડાળડાળ જાણે કે રસ્તા વસંતના !

**✍ અલંકાર ઓળખાવો :**

(1) કોણે કહ્યું કે ખાલી હાથે મરી જવાના !

દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના.

______________________

______________________

______________________

(2) શેરડીના શોખીન શિયાળ.

______________________

______________________

______________________

**✍ વિરુદ્ધાર્થી શબ્દો લખો :**

(1) બિંદુ × ________

(2) ડૂબવું × ________

(3) ખાલી × ________

**✍ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો :**

(1) ડિંગ થઈ જવું - ________

વાક્ય : ______________________

(2) ગળે ડૂમો બાઝી જવો - ________

વાક્ય : ______________________

**✍ શિષ્ટરૂપ આપો :**

| | | |
|---|---|---|
| ગિયા - ________ | ડોહો - ________ | ઈનું - ________ |
| તંઈ - ________ | પટકાણો - ________ | મૌર્ય - ________ |
| રાડું - ________ | લૂગડું - ________ | વાતું - ________ |
| ઓણ - ________ | વરહ - ________ | પૂન - ________ |
| સાલ - ________ | અપસરા - ________ | નઈ - ________ |

✍ **સમાનાર્થી શબ્દો લખો :**

છત - ______________ છત્તર - ______________ શય્યા- ______________

સોડ - ______________ રાહી - ______________ પલ્લવ - ______________

મેહ - ______________

✍ **તળપદા શબ્દોના શિષ્ટરૂપ લખો :**

વાડી - ______________ માંજર - ______________

બચલાં- ______________ ટાણું - ______________

મોલ - ______________

✍ 'દીકરી એટલે વહાલનો દરિયો' આવી દીકરી અંગેની અન્ય ઊક્તિ સુક્તિ શોધી લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

✍ નીચેનાં વાક્યોમાં લાગુ પડતો રૂઢિપ્રયોગ કૌંસમાંથી શોધીને લખો.

(નવાં પગરણ માંડવાં, વાતોનાં ગાડાં ભરવાં, ધરમનો થાંભલો ખરી પડવો, રૂવાડાં ઊભાં થઈ જવાં.)

(1) વિખૂટી પડેલી બે સખીઓ મળે ત્યારે અતિશય વાતો કરે છે.

______________________________

(2) તાજમહાલને પહેલીવાર જોતાવેંત હું રોમાંચિત થઈ ગયો.

______________________________

(3) લોકડાઉન પછી આરોગ્ય ક્ષેત્રે નવી શરૂઆત કરવી પડી છે.

______________________________

(4) પ્રમુખસ્વામીની વિદાય - એક કર્મવીરનું અવસાન થયે બે વર્ષ થયાં.

______________________________

✍ નીચેના શબ્દસમૂહ માટે કૌંસમાં કેટલા શબ્દો આપેલા છે યોગ્ય શબ્દ શોધી લખો.

(આંધણ, શિખર, સ્મારક, સહધર્મચારિણી, શ્રદ્ધાંજલિ)

(1) કોઈના અવસાન પછી અપાતી શ્રદ્ધાપૂર્વકની અંજલિ ______________________

(2) રસોઈ કરવા મૂકેલું ગરમ પાણી ______________________

(3) પતિ સાથે રહી જીવનની ફરજો અદા કરતી સ્ત્રી ______________________

(4) પહાડની ઊંચામાં ઊંચી ટોચ ______________________

(5) યાદગીરી માટે રચેલું પ્રતીક ______________________

# 6. ભાષારમતો

❖ **સૂચવ્યા મુજબ કરો.**

(1) તમારા નામનો પ્રથમ મૂળાક્ષર લખો.

(2) એ મૂળાક્ષર પરથી શબ્દ લખો.

(3) જે શબ્દ લખ્યો તેના પરથી બીજો શબ્દ બનાવો. આમ, જે છેલ્લે મૂળાક્ષર આવે તેના પરથી શબ્દો બનાવતા જાઓ.

**ઉદાહરણ :** મિનેષ

મ.

મગ<u>ર</u> રમકડું ડમરું ________ ________ ________

________ ________ ________ ________ ________ ________

________ ________ ________ ________ ________ ________

________ ________ ________ ________ ________ ________

________ ________ ________ ________ ________ ________

________ ________ ________ ________ ________ ________

**આપેલ કોષ્ટકમાંથી વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક, ભાવવાચક અને દ્રવ્યવાચક સંજ્ઞા શોધી નીચે લખો.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| બ | ભ | બ | ર | ફ | મ | ય | ર | મિ |
| ફ | બા | યા | તા | જ | મ | હ | બ | ને |
| પ | જ | ત્રા | લો | બં | ડ | લ | વ | ષ |
| આ | રી | પુ | વાં | ષ | શ | લી | જ્ઞ | ક |
| નં | ર | ઓ | હ | દ | ળ | મ | પ | દ |
| દ | વિ | મા | ન | વ | રો | ડો | પ | ન |
| અ | શ | ઘા | ઘ | ગુ | ગ | ભ | ફ | બ |
| લા | ઈ | ક્ષ | ર્થી | ક | સ્સો | બ | ળ | દ |
| વા | હા | જ્ઞ | પ | ઓ | ફ | ગ | ધ | પ |

(1) ________

(2) ________

(3) ________

(4) ________

(5) ________

(6) ________

(7) ________

(8) ________

(9) ________

(10) ________

(11) ________

(12) ________

❖ **ઉદાહરણ મુજબ શબ્દ પિરામિડ બનાવો.**

**ઉદાહરણ :**

હું

કાલે

ડોડિયા

જવાનો છું

પરંતુ લોકડાઉન છે.

(1) ______ (2) ______

______ ______

______ ______

______ ______

______ ______

✍ **તમારા પાઠ્યપુસ્તકમાં આપેલ લેખકો પૈકી તમને વધુ ગમ્યા હોય એ લેખકોના નામ લખો.**

______ ______ ______

______ ______ ______

❖ **એ લેખકો વિશે વધુ માહિતી આપો.**

✍ **નીચે ગોળમાં આપેલ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

ઉષ્મા

આરંભ

સઘડી

કંકોત્રી

ક્ષમતા

આશ્વાસન

અંજલી

ઔચિત્ય

______ ______

______ ______

______ ______

______ ______

**✍ નીચેના શબ્દ ઢગલાંમાંથી શબ્દ શોધી નીચેના વાક્યોમાં બંધ બેસતા શબ્દ મૂકો.**

પડી

સારી

લીધી સારો

થઈ નું સારું

થતું લીધો ને

ની થયો આગળ સાથે

પડ્યો નો

(1) મૈત્રીની પરીક્ષા પૂરી ______________

(2) મેં બેસતાવર્ષે બે સંકલ્પ ______________

(3) પંક્તિ ______________ ચિત્ર હંમેશાં પહેલું જ આવે.

(4) ચિન્ટુની સાડી ______________ છે.

(5) અકબર હંમેશાં બિરબલને ______________ રાખતાં.

(6) ટીના મોડી ______________ એટલે જ બસ ચૂકી ગઈ.

✍ **ઉદાહરણ મૂજબ શબ્દો યોગ્ય જગ્યાએ મૂકી સાચો શબ્દ બનાવો.**

**ઉદાહરણ :** કુંમરક   રમકડું

(1) ચોગીબ ______________

(2) દાઅવામદ ______________

(3) ચકાપિરી ______________

(4) શાનિળ ______________

(5) ખબાઅર ______________

(6) તીજગુરા ______________

(7) તકૂરો ______________

(8) યાનિદુ ______________

(9) કામઈ ______________

(10) લસ્પિહૉટ ______________

(11) ગવાભન ______________

(12) અલદામર ______________

(13) રવનદા ______________

(14) રાવનશ ______________

# 7. ચાલો, ચકાસીએ...

**✍ પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપેલ વિકલ્પોમાંથી આપો.**

(1) પ્રકૃત્તિથી ઉપર ઊઠીને આગળ વધવું એટલે જ ?

(અ) સંસ્કૃતિ (બ) વિકૃતિ (ક) સંમતિ (ડ) પ્રકૃતિ ☐

(2) ગહ્‌વરઃ બખોલ તો રત્નાકરઃ ____________ ?

(અ) ચંદ્ર (બ) દરિયો (ક) મોભ (ડ) રત્નથી જડીત ☐

(3) ધૃષ્ટતા માટે ____________ નો ઠપકો ____________ ને સાંભળવો પડ્યો.

(અ) ત્રિશૂળધારી શિવજીનો - યમરાજ (બ) માર્કંડેય - યમરાજ

(ક) ઋષિપત્નીઓ - યમરાજ (ડ) ભાઈબહેન - માર્કંડેય ☐

(4) નીચેનામાંથી કયો પ્રત્યય મૂકતાં **<u>ફાયદો</u>** રેખાંકિત શબ્દનું વિરોધી બનશે.

(અ) ગેર (બ) ઘેર (ક) અ (ડ) કુ ☐

(5) **‘પનારે પડવું’** રૂઢીપ્રયોગનો નીચેનામાંથી કયો અર્થ સાચો છે.

(અ) સાથે ફરવું (બ) માથે પડવું (ક) નજીક હોવું (ડ) પારકું હોવું ☐

**✍ પ્રશ્ન-2 ‘છાલ, છોતરાં અને ગોટલા’ પાઠમાં સૌથી વધુ તમને હસવાની મજા કયા સંવાદમાં આવી ?**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**✍ પ્રશ્ન-3 તમને આવડતા પાંચ 'રવાનુકારી' અને પાંચ 'દ્વિરુકત' શબ્દોની યાદી બનાવો.**

**✍ પ્રશ્ન-4 કૌંસમાં આપેલ સર્વનામને રેખાંકિત શબ્દની જગ્યાએ મૂકી ફકરો ફરીથી લખો.**

(તેને, તે, તેનું, તેના, તેણે)

ચિન્ટુ ખૂબ જ તોફાની. ચિન્ટુ હોંશિયાર પણ એટલી જ. ચિન્ટુને ચિત્ર અને સંગીતમાં વધારે રુચિ. ચિન્ટુના તમામ ચિત્રો હંમેશા અવ્વલ રહે. ચિન્ટુ સવારે ઊઠીને કસરત કરવાનું નક્કી તો કરે પણ પછી માંડી વાળે. ચિન્ટુ શરીર ઓછું કરવાનું નક્કી કર્યું પણ ચિન્ટુના કરી શકી.

**✍ પ્રશ્ન-5 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

(1) 'સાંજ સમે શામળિયો' કાવ્યને આધારે સાંજનું વર્ણન કરો.

(2) ગાંધીજીએ લખેલ ચીઠ્ઠી કેવી રીતે ઉપયોગી થઈ ? કેમ ?

(3) કૃષ્ણ અને બલરામજી વચ્ચે કઈ સ્પર્ધા યોજાઈ ? એનું શું પરિણામ આવ્યું.

(4) ગોપાળબાપા પાઠમાંથી તમને સૌથી વધુ કયુ પાત્ર ગમ્યું ? કેમ ?

(5) તમારા ગામ / વતનમાં તમને કેમ જવું / રહેવું ગમે તે લખો.

✍ પ્રશ્ન-6 'ગુજરાતની અસ્મિતા' વિશે લખો.

✍ પ્રશ્ન-7 દવાખાનામાં કામ કરનાર માયાળું છે, ભલાં છે એવી ખાતરી અમરતકાકીને શાના આધારે થઈ હશે ?

✍ **પ્રશ્ન-8 નીચેની કાવ્યપંક્તિ સમજાવો.**

હાલો રે ખેતર ને હાલો રે વાડીએ
વેળા અમોલી આ વીતે;
આજે બુલંદ સૂરે માનવીની મહેનતના
ગાઓ જયજયકાર પ્રીતે રે...

✍ **પ્રશ્ન-9 પુરુષાર્થ (મહેનત)ને લગતી બે કહેવત નોંધી કોઈપણ એક કહેવત વિશે વિસ્તૃત વર્ણન કરો.**

(1) ____________

(2) ____________

**✍ પ્રશ્ન-10 તમારે કોઈને હસાવવા હોય તો તમે કંઈ કંઈ યુક્તિ-પ્રયુક્તિ કરશો તે લખો.**

**✍ પ્રશ્ન-11 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

(1) ઘરનું છત્તર, ઘરની છાંયડી, એટલે શું ?

(2) પુત્રવધૂને કોની સાથે સરખાવવામાં આવ્યા છે ?

(3) પુત્રવધૂએ બે ઘર તાર્યો આ ભાવ કાવ્યની કઈ પંક્તિમાં દર્શાવાયો છે.

(4) એને વેણલે વ્હાલપ નીતરે એને ટોડલિયે ટહુકાર એટલે ?

## ✍ પ્રશ્ન-12 નીચેના ફકરાને આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

મારે સારું આ અહિંસાનો પદાર્થપાઠ હતો. તે વેળા તો મેં એમાં પિતાપ્રેમ ઉપરાંત બીજુ ન જોયું, પણ આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું. આવી અહિંસા જ્યારે વ્યાપક સ્વરૂપ પકડે ત્યારે તે પોતાના સ્પર્શથી કોને અલિપ્ત રાખે ? એવી વ્યાપક અહિંસાની શક્તિનું માપ કાઢવું અશક્ય છે ?

(1) ગાંધીજી પિતાપ્રેમ કોને ગણતા ?

______________________________

(2) ગાંધીજી કોના સ્પર્શને વિસ્તૃત માનતા હતા ?

______________________________

(3) ગાંધીજીના મતે કોનું માપ કાઢવું દુર્લભ છે.

______________________________

(4) <u>અહિંસા</u> રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખો.

______________________________

## ✍ પ્રશ્ન-13 નીચેની આપેલ સંજ્ઞાના પ્રકારના બે બે ઉદાહરણ આપો.

(1) ક્રિયાવાચક સંજ્ઞા

(1) ______________

(2) ______________

(2) દ્રવ્યવાચક સંજ્ઞા

(1) ______________

(2) ______________

(3) સમૂહવાચક સંજ્ઞા

(1) ______________

(2) ______________

(4) વ્યક્તિવાચક સંજ્ઞા

(1) ______________

(2) ______________

(5) ભાવવાચક સંજ્ઞા

(1) ______________

(2) ______________

✍ **પ્રશ્ન-14 નીચે આપેલ વિશેષણનો ઉપયોગ કરીને બે બે વાક્ય બનાવો.**

(1) (1) લાંબુ ______________________________

(2) દયાળુ ______________________________

(2) (1) પાંચ ______________________________

(2) અગિયાર ______________________________

✍ **પ્રશ્ન-15 કૌંસમાં આપેલ સર્વનામનો ઉપયોગ કરીને એક ફકરો બનાવો.**

(હું, તેને, તેમણે, તેમનું, તેના, અમો)

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

✍ **પ્રશ્ન-16 પાંચ રૂઢિપ્રયોગ લખીને તે રૂઢિપ્રયોગના અર્થનો ઉપયોગ કરીને બે-બે વાક્ય બનાવો.**

(1) ______________________________

(2) ______________________________

(3) ______________________________

(4) ______________________________

(5) ______________________________

(6) ______________________________

(7) ______________________________

(8) ______________________________

(9) ______________________________

(10) ______________________________

✍ પ્રશ્ન-17 'રસ્તો કરી જવાના' ગઝલને આધારે એનો ભાવ તમારા શબ્દોમાં લખો.

✍ પ્રશ્ન-18 'વાડી પરનાં વહાલાં' એકમને આધારે વાડી આપણને કઈ કઈ રીતે ઉપયોગી છે ? તે લખો.

✍ પ્રશ્ન-19 'ગોદ માતાની ક્યાં' એકમમાં માતાનો મહિમા દર્શાવાયો છે. આમ માતાનો મહિમા દર્શાવામાં આવ્યું હોય તેવું ગીત / કવિતા લખો.

✍ પ્રશ્ન-20 તમારે 'વ્યસનમુક્તિ' પર નાટક કરવાનું છે. તો એ નાટકનું નામ શું આપશો ? તેના સંવાદો લખો.

✍ પ્રશ્ન-21 'જો હું ડૉક્ટર હોઉં તો' - વિશે દસ વાક્યો લખો.

✍ પ્રશ્ન-22 'પંગુમ લંઘયતે ગિરિમ્' એકમમાંથી તમને પંસદ હોય તેવા દસ શબ્દો લખી વાક્ય પ્રયોગ કરો.

______ ______ ______ ______

______ ______ ______ ______

______ ______

(1) ______

(2) ______

(3) ______

(4) ______

(5) ______

(6) ______

(7) ______

(8) ______

(9) ______

(10) ______

✍ પ્રશ્ન-23 કોઈપણ પાંચ કહેવત લખી. એમાંથી કોઈ એક કહેવતને સમજાવો.

(1) ______

(2) ______

(3) ______

(4) ______

(5) ______

**✍ પ્રશ્ન-24 પાઠ્યપુસ્તકમાંથી પાંચ તળપદા શબ્દો શોધીને લખો અને તેના માન્ય શબ્દ લખો.**

(1) ____________________

(2) ____________________

(3) ____________________

(4) ____________________

(5) ____________________

**✍ પ્રશ્ન-25 નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો અને આપેલ શબ્દનો શબ્દ સમૂહ લખો.**

(1) કોસની આગળના ભાગમાં પાણી કાઢવા માટેનું ગોળાકાર ચામડું. ____________________

(2) નર્વરી - ____________________

(3) સજલને - ____________________

(4) પાંજરાપોળ - ____________________